વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**Part-2** | **E-COPY**

**11/07/2022 to 20/07/2022**












**વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ 2022**

**કેન્દ્રીય કેબિનેટે તારંગા હિલ–અંબા –આબુ રોડ નવી રેલવે પરિયોજનાની મંજૂરી**

**I2U2 (ઈઝરાયેલ, ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ અને સંયુકત આરબ અમીરાત)ની પ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજાઈ.**

**ગુજરાત રાજ્યમાંયાત્રાધામોની રાહતદરે પ્રવાસ કરાવતી રાજ્ય સરકારની શ્રવણતીર્થ દર્શન યોજનામાં ફેરફાર**


પેજ નં. 08 — કેન્દ્ર સરકારે ગુજરાતની કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટીને ડ્રોન પાયલટની તાલીમ માટે મંજૂરી આપી.

પેજ નં. 16 — બાલી (ઈન્ડોનેશિયા) ખાતે 17મી G-20 વિદેશમંત્રીઓની બેઠક યોજાઈ

પેજ નં. 20 — મિશન વાત્સલ્ય માટે નવી માર્ગદર્શિકા જાહેર


GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | હોટલ અને રેસ્ટોરન્ટમાં સર્વિસ ચાર્જ વસૂલવા સંદર્ભે માર્ગદર્શિકા જાહેર | 05 |
| | **આંતરરાજ્ય** | |
| 2 | નવી દિલ્હી ખાતે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકનું આયોજન | 05 |
| | **ગુજરાત** | |
| 3 | જૂનાગઢ ખાતે દેશના સૌપ્રથમ 'પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફે'નો પ્રારંભ | 06 |
| 4 | ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમ વાર 'સાયન્ટિફિક એકસ્પો' મહેસાણા ખાતે યોજાયો | 06 |
| 5 | વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે રાજ્યની પ્રથમ 'ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય' (GCU)નો પ્રધાનમંત્રી દ્વારા શિલાન્યાસ | 06 |
| 6 | ગુજરાતના મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે સિગ્નલ સ્કૂલનાં બાળકોનો પ્રવેશોત્સવ કરાવ્યો | 07 |
| 7 | કેન્દ્રીય કેબિનેટે તારંગા હિલ–અંબાજી–આબુ રોડ નવી રેલવે પરિયોજનાની મંજૂરી | 07 |
| 8 | દેશભરમાં ગુજરાત ગૌણ ખનીજોની ઈ–હરાજી માટે પ્રથમ ક્રમે. | 08 |
| 9 | કેન્દ્ર સરકારે ગુજરાતની 'કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી'ને ડ્રોન પાયલટની તાલીમ માટે મંજૂરી આપી | 08 |
| 10 | ગુજરાત રાજ્યની કામધેનુ યુનિવર્સિટીને 'રાષ્ટ્રીય ભારત પશુ સ્વાસ્થ્ય – 2022 એવોર્ડ' એનાયત | 08 |
| 11 | દિલ્હી ખાતે રાષ્ટ્રીય પશુ સ્વાસ્થ્ય શિખર સંમેલન–2022 (National Animal Health Summit-2022) નું આયોજન | 09 |
| 12 | કેન્દ્ર સરકારે ગુજરાતમાં પાંચ નવી મેડિકલ કોલેજો ખોલવાની મંજૂરી | 09 |
| 13 | ગુજરાતના મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતેથી કોવિડ રસીનો બુસ્ટર ડોઝ વિનામૂલ્યે આપવા રાજ્યવ્યાપી ઝુંબેશનો પ્રારંભ | 09 |
| 14 | ગુજરાત રાજ્યમાં યાત્રાધામોની રાહતદરે પ્રવાસ કરાવતી રાજ્ય સરકારની 'શ્રવણતીર્થ દર્શન યોજના'માં ફેરફાર | 10 |
| 15 | વિશ્વમાં અત્યંત દુર્લભ EMM બ્લડગ્રૂપ સેમ્પલ ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં મળ્યું | 10 |
| 16 | ગુજરાત રાજ્યમાં ઘણાં જિલ્લાઓમાં પશુઓ (ગાય અને ભેંસ)માં 'લમ્પી સ્કિન ડિસીઝ' વાઈરસનો ફેલાવો | 11 |
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 17 | રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ–2013 (NFSA) સ્ટેટ રેન્કિંગ 2022 જાહેર | 11 |
| 18 | યુથ ઈન ઈન્ડિયા 2022 રિપોર્ટ જાહેર | 12 |
| 19 | UNICEF ના રિપોર્ટ મુજબ વિવિધ રસીના ઈમ્યુનાઈઝેશન કવરેજમાં ઘટાડો | 12 |
| 20 | ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2022 જાહેર | 13 |
| 21 | UN દ્વારા વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ (WFPP) 2022ની 27મી આવૃત્તિ જાહેર | 15 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 22 | બાલી (ઈન્ડોનેશિયા) ખાતે 17મી G-20 વિદેશમંત્રીઓની બેઠક યોજાઈ | 16 |

| | | |
|---|---|---|
| 23 | BRICS બેઠકમાં ભારત સરકારના કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીની હાજરી | 16 |
| 24 | ઈરાન અને બેલારુસ SCOમાં બે નવા સભ્ય તરીકે જોડાશે | 17 |
| 25 | I2U2 (ઈઝરાયેલ, ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ અને સંયુકત આરબ અમીરાત)ની પ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજાઈ | 17 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 26 | RBIએ ફોરેક્સ રિઝર્વના પ્રવાહને વેગ આપવા માટે જરૂરી પગલાઓ | 18 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 27 | પરિમન પોર્ટલ – PARIMAN PORTAL | 18 |
| 28 | મિશન વાત્સલ્ય માટે નવી માર્ગદર્શિકા જાહેર | 20 |
| 29 | ગ્રાહક બાબતોના વિભાગ (DOCA) દ્વારા 'જાગૃતિ' માસ્કોટ (યંત્ર) લોન્ચ | 21 |
| 30 | મિશન શકિત માટે વિગતવાર માર્ગદર્શિકા જાહેર | 21 |
| 31 | પ્લેટફોર્મ ઓફ પ્લેટફોર્મ (POP) લોન્ચ | 21 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 32 | IIT મદ્રાસ દ્વારા કેન્સરને શોધવા માટે PIVOT નામનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની શોધ | 22 |
| 33 | પ્રાકૃતિક કૃષિ સંમેલનનું આયોજન | 22 |
| 34 | રાજનાથ સિંહે ડિફેન્સ એકઝીબેશનનું ઉદ્‌ઘાટન કર્યું | 23 |
| 35 | ભારત દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. 13000 કરોડનો સંરક્ષણ નિકાસ | 23 |
| 36 | ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત લિથિયમ – આયન સેલ | 23 |
| 37 | ભારતની પ્રથમ સ્થાનિક રીતે બનાવેલી qHPV રસીને DCGI દ્વારા મંજૂરી | 23 |
| 38 | સુરક્ષિત અને ટકાઉ અવકાશ પર્યાવરણ માટે IS4OM સીસ્ટમ | 24 |
| 39 | દિલ્હી ખાતે હરિયાળી મહોત્સવનું આયોજન | 24 |
| 40 | ચેન્નાઈમાં ભારતની પ્રથમ પ્રાઈવેટ રોકેટ એન્જિન ફેકટરીની સ્થાપના | 24 |
| 41 | INS સિંધુધ્વજ સેવામાંથી નિવૃત્તિ | 24 |
| | **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 42 | યાયર લેપિડ ઈઝરાયેલના નવા વડાપ્રધાન | 25 |
| 43 | "Wall of Former Chief Economists" ફ્રેમમાં ગીતા ગોપીનાથનો સમાવેશ | 25 |
| 44 | જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેનું નિધન | 26 |
| 45 | ફિલિપાઈન્સના નવા રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર | 26 |
| 46 | આર.કે.ગુપ્તાની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક | 26 |
| 47 | મુસ્તાફિઝુર રહેમાનને ભારતમાં બાંગ્લાદેશના હાઈ કમિશનર તરીકે નિયુકત કરવામાં આવ્યા | 26 |
| 48 | સામાજિક કાર્યકર અવધેશ કૌશલનું નિધન | 26 |
| 49 | 94 વર્ષીય ભગવાની દેવીએ ફિનલેન્ડમાં 100 મીટરની સ્પ્રિન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો | 26 |
| 50 | ભારતીય ઈન્ટરનેટના પિતા બ્રિજેન્દ્ર કુમાર સિંગલનું નિધન | 27 |
| 51 | ભારતીય બેડમિન્ટન સ્ટાર ખેલાડી પી.વી.સિંધુએ સિંગાપોર ઓપન ટાઈટલ જીત્યું | 27 |
| 52 | ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રિકલ્ચરલ ડેવલપમેન્ટના અધ્યક્ષ તરીકે અલ્વારો લારીયોની પસંદગી | 27 |
| 53 | વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ 2022 | 27 |

| | | |
|---|---|---|
| 54 | નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના નવા CEO અને MD તરીકે આશિષ કુમાર ચૌહાનની પસંદગી | 28 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 55 | રાષ્ટ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) એવોર્ડ 2022 જાહેર | 30 |
| | **મહત્વના દિવસો** | |
| 56 | 22મો રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ (National Fish Farmers Day) | 30 |
| 57 | વિશ્વ વસતી દિવસ (World Population Day) | 30 |
| 58 | 12 જુલાઈ : મલાલા દિવસ | 31 |
| 59 | વિશ્વ યુવા કૌશલ્ય દિવસ | 31 |
| 60 | 17 જુલાઈ : વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (World Day for International Justice) | 31 |
| 61 | 18 જુલાઈ : નેલ્સન મંડેલા દિવસ | 31 |
| 62 | 20 જુલાઈ : સાયન્સ એક્સપ્લોરેશન ડે (ચંદ્ર દિવસ) | 31 |
| 63 | 20 જુલાઈ : આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ | 32 |
| | **શબ્દાવલી** | |
| 64 | એર્ગોસ હાઈ (Azores High) | 32 |
| | **Current Affairs Booster** | 33 |
| | **Facts.... Inshort** | 37 |



Banking Academy

## મહત્વના મુખ્ય મુદ્દાઓ

### ❖ હોટલ અને રેસ્ટોરન્ટમાં સર્વિસ ચાર્જ વસૂલવા સંદર્ભે માર્ગદર્શિકા જાહેર

→ તાજેતરમાં ગ્રાહક બાબતોના મંત્રાલય હેઠળ સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) દ્વારા કોઈપણ હોટલ અથવા રેસ્ટોરન્ટ ફૂડ બિલમાં આપમેળે તથા ડિફોલ્ટ રૂપે સર્વિસ ચાર્જ વસૂલ કરી શકે નહીં તે માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

→ આ માર્ગદર્શિકા મુજબ સર્વિસ ચાર્જની વસૂલાત અન્ય કોઈ નામથી કરવામાં આવશે નહીં તેમજ કોઈપણ હોટેલ અથવા રેસ્ટોરન્ટના માલિક ગ્રાહકને સર્વિસ ચાર્જ ચૂકવવા દબાણ કરી શકશે નહીં.

→ આ માર્ગદર્શિકા અનુસાર સર્વિસ ચાર્જ ગ્રાહકની સ્વૈચ્છિક, વૈકલ્પિક અનેવિવેક બુદ્ધિ પર આધારિત છે અને ફૂડ બિલ સાથે તેને ઉમેરીને કુલ રકમ પર GST લગાવીને સર્વિસ ચાર્જ વસૂલવામાં આવશે નહીં.

→ આ માર્ગદર્શિકા મુજબ જો કોઈ હોટલ અથવા રેસ્ટોરન્ટ માર્ગદર્શિકાનું પાલન ન કરીને સર્વિસ ચાર્જ વસૂલ કરશે, તો ગ્રાહક બિલની રકમમાંથી સર્વિસ ચાર્જ દૂર કરવા સંબંધિત હોટલ અથવા રેસ્ટોરન્ટને વિનંતી કરી શકે છે.

→ આ ઉપરાંત ગ્રાહક નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન (NCH) પર ફરિયાદ નોંધાવી શકે છે, જે 1915 પર ફોન કરીને અથવા NCH મોબાઈલ એપ દ્વારા વિવાદનું નિવારણ કરી શકે છે.

→ આ માર્ગદર્શિકા હેઠળ ગ્રાહક તેની ફરિયાદના ઝડપી અને અસરકારક નિવારણ માટે ઈ–દાખિલ પોર્ટલ www.e-daakhil.nic.in દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે પણ ફાઈલ કરી શકે છે તથા ગ્રાહક CCPA માધ્યમ દ્વારા તપાસ અને આગામી કાર્યવાહી માટે સંબંધિત જિલ્લાના કલેકટરને ફરિયાદ સબમિટ કરી શકે છે.

**Central Consumer Protection Authority - CCPA**

→ રચના : વર્ષ 2019 (ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019ની કલમ 10(1) મુજબ)
→ પ્રકાર : નિયમનકારી સંસ્થા
→ વડુમથક : નવી દિલ્હી
→ મંત્રાલય : ગ્રાહક બાબતો (Consumer Affairs) નું મંત્રાલય (ભારત સરકારના)

## આંતરરાજ્ય

### ❖ નવી દિલ્હી ખાતે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકનું આયોજન.

→ તાજેતરમાં નવી દિલ્હીમાં ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકમાં 'DIGI યાત્રા' પ્રોજેક્ટ વિષય પર ચર્ચા કરવા માટે યોજવામાં આવી હતી.




→ આ પ્રોજેક્ટ ચેહરાની ઓળખ ટેક્નોલોજી (Facial Recognition Technology – FRT) પર આધારિત એરપોર્ટ પર મુસાફરોની સંપર્ક રહિત સીમલેસ પ્રોસેસિંગ હાસલ કરવા માટેનો પ્રોજેક્ટ છે.

→ આ પ્રોજેકટનું સંચાલન ડિજી યાત્રા ફાઉન્ડેશન દ્વારા થાય છે.

→ આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ કોઈપણ મુસાફરના પ્રવાસી બોર્ડિંગ પાસ સાથે જોડાયેલી ઓળખ સ્થાપિત કરવા માટે ચહેરાના લક્ષણોનો ઉપયોગ કરીને પેપરલેસ અને કોન્ટેકટલેસ પ્રોસેસિંગ દ્વારા એરપોર્ટ પર વિવિધ ચેક પોઈન્ટમાંથી પસાર થઈ શકશે.

→ આ પ્રોજેકટ વિકેન્દ્રિત મોબાઈલ વૉલેટ આધારિત (Decentralized Mobile Wallet Based) ઓળખ વ્યવસ્થાપન પ્લેટફોર્મ પૂરું પાડશે, જે ઓછી ખર્ચાળ હશે અને ડિજી યાત્રા (DIGI Yatra) ના અમલીકરણમાં ડેટા સુરક્ષાની જાળવણી કરશે.

- <u>**ડીજી યાત્રા ફાઉન્ડેશન :**</u>

→ આ ફાઉન્ડેશને કંપની એકટ,2013ની કલમ 8 હેઠળ વર્ષ 2019માં સંયુક્ત સાહસ (Joint Venture) કંપની તરીકે સ્થાપના કરવામાં આવી છે.

→ ડિજિયાત્રા સેન્ટ્રલ ઈકોસિસ્ટમ (DYCE) બનાવવાના ઉદ્દેશ સાથે ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે.


→ આ ફાઉન્ડેશન સમગ્ર ભારતની સંસ્થા બનશે અને પેસેન્જર આઈડી (ID)ની યોગ્ય પ્રક્રિયા માટે પણ જવાબદાર બનશે.

→ આ ફાઉન્ડેશન ભારતમાં સ્થાનિક એરપોર્ટ સિસ્ટમ માટે માન્યતા તથા માર્ગદર્શિકા માટેના માપદંડોને પણ વ્યાખ્યાયિત કરશે.

- <u>**વિશેષ :**</u>

→ ડીજી યાત્રા ફાઉન્ડેશનના પ્રથમ તબક્કામાં (ઓગસ્ટ 2022) બે એરપોર્ટ (વારાણસી અને બેંગ્લુરુ) અને માર્ચ 2023 સુધીમાં પાંચ એરપોર્ટ (પૂણે, વિજયવાડા, કોલકાતા, દિલ્હી અને હૈદરાબાદ) પર શરૂ કરવાની યોજના છે.

→ AAI (Airport Authority of India) સમયાંતર એરપોર્ટની ઓળખ કરશે જ્યા તબક્કાવાર રીતે ડીજી યાત્રાનો અમલ કરવામાં આવશે.




## ❖ જૂનાગઢ ખાતે દેશના સૌપ્રથમ 'પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફે' નો પ્રારંભ.




→ ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જૂનાગઢ ખાતે દેશનો સૌપ્રથમ 'પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફે' નો પ્રારંભ કરાવ્યો.

→ આ ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે આ પ્રકારના પ્લાસ્ટિક કાફે સતત વધી રહેલા પ્લાસ્ટિકના પ્રદૂષણને ઘટાડવા માટે ખૂબ જ મહત્વના બની રહેશે.

→ આ સાથે દેશની પ્રથમ માનવ લાઈબ્રેરી (Human Library)નું પણ જૂનાગઢ ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

→ ભારત સરકારે 1 જુલાઈ, 2022 થી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન અને વપરાશ પર પ્રતિબંધ મૂકયો છે.

## ❖ ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમ વાર 'સાયન્ટિફિક એક્સ્પો' મહેસાણા ખાતે યોજાયો.



→ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે 'સાયન્ટિફિક એક્સ્પો : ગરવી ગુજરાત 2022 મેગા એક્ઝિબિશન'નું ઉદ્ઘાટન કર્યું હતું.

→ આ સાયન્ટિફિક એક્સ્પો 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાયો હતો. જેમાં ડિફેન્સ રિસર્ચ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, હેલ્થ અને ફેમિલી વેલ્ફેર, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, એગ્રીકલ્ચર અને ફુડ પ્રોસેસીંગ તેમજ ડેરી, એનિમલ હસબન્ડ્રી ફિશરીઝ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

→ આ એક્સ્પોમાં કેન્દ્ર સરકારના વિવિધ 10 વિભાગો જોડાયા હતા.

## ❖ વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે રાજ્યની પ્રથમ 'ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય' (GCU)નો પ્રધાનમંત્રી દ્વારા શિલાન્યાસ.




→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરા નજીક ડભોઈ તાલુકાના કુંઢેલા ગામ ખાતે ગુજરાત રાજ્યની પ્રથમ 'સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત'ના કાયમી કેમ્પસનો શિલાન્યાસ કર્યો હતો. જે ગુજરાતની પ્રથમ સેન્ટ્રલ યુનિવર્સિટી (કેન્દ્રીય વિશ્વવિદ્યાલય) બની છે.

→ પ્રધાનમંત્રીએ વડોદરા ખાતે નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઈન્સ્ટિટયૂટ (NRTI) ની નવી ઈમારતનો પણ શિલાન્યાસ કર્યો હતો.

→ આ સાથે NRTI નું નામ બદલીને 'ભારતીય ગતિશકિત વિશ્વ વિદ્યાલય' આપવામાં આવ્યું છે.

Banking Academy

11/07/2022
TO
20/07/2022

PART - 2

# વર્તમાન પ્રવાહો

## ❖ ગુજરાતના મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે સિગ્નલ સ્કૂલનાં બાળકોનો પ્રવેશોત્સવ કરાવ્યો.

→ આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાતમાં ટ્રાફિક સિગ્નલ પર ભિક્ષા વૃત્તિ કરતાં વંચિત–ગરીબ બાળકો શિક્ષણ મેળવવાથી બાકાત ન રહે તેવું આયોજન કરવામાં આવશે.

→ 'ભિક્ષા નહીં શિક્ષા'નો અભિગમ પાર પાડી શકે તે માટે સિંગલ સ્કૂલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. તેમજ રાજ્યના જે વિસ્તારમાં જ્યાં જરૂર જણાય ત્યાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.



**સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ વિશે...**

→ અમદાવાદ શહેરના રસ્તાઓ પર જોવા મળતાં ભિક્ષુક બાળકોને શાળાકીય શિક્ષણ આપવાના હેતુથી ગુજરાત હાઈકોર્ટ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ' શરૂ કરાવ્યો હતો.

## ❖ કેન્દ્રીય કેબિનેટે તારંગા હિલ–અંબાજી–આબુ રોડ નવી રેલવે પરિયોજનાની મંજૂરી આપી.

→ આ પરિયોજનાથી મહેસાણા જિલ્લાની તારંગા ટેકરી પર સ્થિત પ્રસિદ્ધ શ્રી અજીતનાથ જૈન તીર્થસ્થળ, બનાસકાંઠામાં આવેલ શકિતપીઠ અંબાજી મંદિર અને આબુ રોડ સુધી રેલ કનેક્ટીવિટી મળશે, જેમાં રેલવે લાઈન લગભગ 116.65 કિ.મી. લાંબી હશે.

→ આ રેલવે પરિયોજનાનો ખર્ચ અંદાજે રૂ. 2798.16 કરોડ છે. જેનું કાર્ય વર્ષ 2026 સુધીમાં પૂર્ણ કરાશે.

**અંબાજી તીર્થ સ્થાન વિશે...**

→ ભારતના 51 શકિતપીઠોમાનું એક અંબાજી છે. જે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું છે.

→ આ મંદિરમાં માતાજીની મૂર્તિ નહીં પરંતુ વીસાયંત્રની પૂજા થાય છે.

→ અહીં દર વર્ષે ભાદરવી પૂનમે મેળો ભરાય છે.

→ આ અંબાજી તીર્થસ્થળના વિકાસ માટે ભારત સરકારે 'પ્રસાદ યોજનામા' અંબાજી મંદિરનો સમાવેશ કર્યો છે.

→ તાજેતરમાં વડાપ્રધાને અંબાજી તીર્થ ખાતે 51 શકિતપીઠ પરિક્રમા અને લાઈટ એન્ડ સાઉન્ડ શોનો પ્રારંભ કરાવ્યો હતો.









## ❖ દેશભરમાં ગુજરાત ગૌણ ખનીજોની ઈ–હરાજી માટે પ્રથમ ક્રમે.



→ કેન્દ્રીય ખાણ અને ખનીજ વિભાગની યોજાયેલી છઠ્ઠી 'રાષ્ટ્રીય કોન્કલેવમાં ગુજરાતને સમગ્ર દેશમાં કેટેગરી–3 હેઠળ ગૌણ ખનીજોની ઈ–હરાજી માટે પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે.

→ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહના હસ્તે રૂ. 3 કરોડનો પુરસ્કાર રાજ્ય સરકાર વતી રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્માએ સ્વીકાર્યો હતો.

- **રાષ્ટ્રીય ખનીજ વિકાસ પુરસ્કાર વિશે :**

→ કેન્દ્ર સરકાર દ્વારા ઈ–હરાજીથી ખનીજોની ફાળવણી કરવા માટે ખનીજોનું સંશોધન ઝડપથી થાય, સંશોધન થયેલ વિસ્તારો હરાજી પ્રક્રિયા હેઠળ આવે અને હરાજી થયા બાદ જે–તે વિસ્તારમાં ખનીજ ઉત્પાદન શરૂ થઈ શકે તે માટે પહેલ કરનાર રાજ્ય સરકારને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના ખાણ મંત્રાલય દ્વારા 3 જુદી–જુદી કેટેગરી માટે આ વર્ષથી એટલે કે વર્ષ 2022થી આ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી છે.

| ક્રમ | કેટેગરી |
|---|---|
| કેટેગરી–1 | લાઈમ સ્ટોન, બોકસાઈટ, આયર્ન અને ખનીજની કેટેગરી. |
| કેટેગરી–2 | લાઈમ સ્ટોન, બોકસાઈટ, આયર્ન સિવાયના મુખ્ય ખનીજની કેટેગરી. |
| કેટેગરી–3 | સાદી રેતી ગ્રેવલ સિવાયના અન્ય ગૌણ ખનીજની કેટેગરી. |

→ આ પુરસ્કારના વિજેતાઓને પ્રથમ ક્રમે 3 કરોડ, બીજા ક્રમે 2 કરોડ અને ત્રીજા ક્રમે 1 કરોડની રકમ તથા પારિતોષિક આપવામાં આવે છે.

## ❖ કેન્દ્ર સરકારે ગુજરાતની 'કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી'ને ડ્રોન પાયલટની તાલીમ માટે મંજૂરી આપી.

→ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ભોયણ રાઠોડ ગામ ખાતે આવેલી 'સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે આ તાલીમ આપવામાં આવશે અને તબક્કાવાર 50 ITI સંસ્થાઓમાં આ તાલીમ વ્યવસ્થા શરૂ કરાશે.



→ ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કૃષિ ક્ષેત્રે, ટ્રાફિક મેનેજમેન્ટ જમીન સર્વે, આરોગ્ય ક્ષેત્રે તેમજ ઈ–કોમર્સ ક્ષેત્રમાં થાય છે. તેથી નજીકના ભવિષ્યમાં ડ્રોન પાયલટની માંગ વધશે. આ માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે આયોજન કર્યું છે

**કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી વિશે...**

→ ગુજરાત વિધાનસભાએ "KAUSHALYA" The Skill University Act-2021 અંતર્ગત આ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી.

→ આ યુનિવર્સિટીનો ઉદ્દેશ શિક્ષણની સાથે સ્કીલ ડેવલપ કરવું અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 મુજબ કાર્ય કરવું.

## ❖ ગુજરાત રાજ્યની કામધેનુ યુનિવર્સિટીને 'રાષ્ટ્રીય ભારત પશુ સ્વાસ્થ્ય–2022 એવોર્ડ' એનાયત.

→ પશુપાલન ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય બદલ રાજ્યની કામધેનુ યુનિવર્સિટીને 'રાષ્ટ્રીય ભારત પશુ સ્વાસ્થ્ય–2022 એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.

→ નવી દિલ્હી ખાતે યોજાયેલ સમારંભમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો.એન.એચ.કેલાવાલાએ એવોર્ડ સ્વીકાર કર્યો.

**કામધેનુ યુનિવર્સિટી વિશે...**

→ સ્થાપના : 2009

→ આ યુનિવર્સિટી ગાંધીનગરમાં આવેલી છે.

→ ગુજરાત રાજ્યમાં પશુચિકિત્સક યુનિવર્સિટી માટેની દરખાસ્ત ડો.વર્ગીસ કુરિયન દ્વારા કરવામાં આવી હતી, પરંતુ તે સમયે આ દરખાસ્તની અવગણના કરવામાં આવી હતી.

→ ત્યારબાદ વર્ષ 2009ના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વિધાનસભામાં 'કામધેનુ યુનિવર્સિટી ધારો – 2009' પસાર કરી આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી.

## ❖ દિલ્હી ખાતે રાષ્ટ્રીય પશુ સ્વાસ્થ્ય શિખર સંમેલન–2022 (National Animal Health Summit–2022)નું આયોજન.




→ તાજેતરમાં કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ નવી દિલ્હીમાં ભારતનું પ્રથમ "ભારત પશુ સ્વાસ્થ્ય શિખર સંમેલન" (India Animal Health Summit) નો પ્રારંભ કર્યો હતો.

→ દેશની ખાદ્ય અને પોષણ સુરક્ષા, ગ્રામીણ આવક અને સમૃદ્ધિ તેમજ સમગ્ર આર્થિક વિકાસના વ્યાપક ઉદ્દેશથી આ સંમેલનનું આયોજન થયું હતું.


→ આ સંમેલનમાં 'એનિમલ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની શ્રેણી'માં ગુજરાતને 'સર્વશ્રેષ્ઠ રાજ્ય'નું સન્માન મળ્યું છે.

→ આ સાથે ગુજરાતના રમેશભાઈ રૂપાલિયાને 'બેસ્ટ ફાર્મર ઓફ ધ યર'નો પુરસ્કાર મળ્યો છે.

→ આ સમિટનું આયોજન 'ઈન્ડિયન ચેમ્બર ઓફ ફુડ એન્ડ એગ્રિકલ્ચર (ICFA) અને એગ્રિકલ્ચર ટુડે ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું.

- **<u>પશુ સ્વાસ્થ્યનું મહત્વ :</u>**

→ પશુ સ્વાસ્થ્યના ધોરણોમાં (વિભાવનામાં) પશુ રોગ તેમજ પશુ કલ્યાણ મનુષ્ય સ્વાસ્થ્ય, પર્યાવરણીય સંરક્ષણ અને ખાદ્ય સુરક્ષા વચ્ચેની આંતરપ્રક્રિયાનો સમાવેશ થાય છે.




→ આ આંતરપ્રક્રિયા સંબંધથી કહી શકાય કે જંગલોનું સ્વાસ્થ્ય સારુ રહેવા માટે પશુઓનું સ્વાસ્થ્ય સારુ રહેવું જરૂરી છે.

→ આ ઉપરાંત ઘણા જાણીતા માનવચેપી રોગો પશુ રોગથી શરૂ થાય છે તેમજ કેટલાક લોકોનો વ્યવસાય પશુ આધારિત હોય છે. જેની સીધી અસર પશુ સ્વાસ્થ્ય સાથે છે.

→ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ફોર એનિમલ હેલ્થે (WOAH) પશુરોગની 117 રોગોની યાદી તૈયાર કરી છે. જેમાંથી મહત્વના રોગો નીચે પ્રમાણે છે :
(1) મંકી પોક્સ, (2) ત્વાચા રોગ, (3) આફ્રીકન સ્વાઈન ફીવર, (4) એવિયન ઈન્ફલુઝા, (5) રેબીજ

- **<u>પશુઓના રોગોને કાબૂમા લેવા સરકારની પહેલ :</u>**

**(1) પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ :**

→ આ પહેલ કેન્દ્ર સરકાર દ્વારા 10મી પંચવર્ષીય યોજના અંતર્ગત શરૂ કરવામાં આવી છે જેમાં પશુપાલન અને ડેરી વિભાગના દૂધાળા પશુઓના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રીત કરવા રાજ્યોને નાણાકીય સહાય પૂરી પાડે છે.

**(2) રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ :**

→ આ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સપ્ટેમ્બર 2019માં શરૂ કરવામાં આવેલ છે, જે ફુટ એન્ડ માઉથ ડિસીઝ (FMD) અને બ્રુસેલોસિસના નિયંત્રણ માટે છે. જેમાં ગાય, ભેંસ, ઘેટાં, બકરી અને 4 – 8 મહિનાની વયના વાછરડાઓને રસીકરણ કરવામાં આવશે.

## ❖ કેન્દ્ર સરકારે ગુજરાતમાં પાંચ નવી મેડિકલ કોલેજો ખોલવાની મંજૂરી આપી.

→ ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે ગુજરાતમાં પાંચ નવી મેડિકલ કોલેજ ખોલવાની મંજૂરી મળી ગઈ છે. જે ઓગસ્ટ સુધીમાં કોલેજો શરૂ થઈ જશે.

→ આ પાંચ મેડિકલ કોલેજો ગોધરા, બોટાદ, દ્વારકા, મોરબી, રાજપીપળામાં શરૂ કરવામાં આવશે.

## ❖ ગુજરાતના મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતેથી કોવિડ રસીનો બુસ્ટર ડોઝ વિનામૂલ્યે આપવા રાજયવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો.

→ 15 જુલાઈ, 2022 ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોવિડ વેકસિનનો બુસ્ટર ડોઝ વિનામૂલ્યે આપવા માટે રાજયવ્યાપી ઝુંબેશનો પ્રારંભ ગાંધીનગરના અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી કરાવ્યો.

Banking Academy

→ આ બુસ્ટર ડોઝ 30 સપ્ટેમ્બર સુધી એટલે કે 75 દિવસ સુધી વિનામૂલ્યે આપવામાં આવશે. તેમજ 18 થી 59 વર્ષની વયજૂથના નાગરિકો જેને બીજા ડોઝના 6 મહિના પૂર્ણ થઈ ગયા હોય તે આ બુસ્ટર ડોઝ લઈ શકશે.

→ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત કેન્દ્ર સરકારે 15 જુલાઈથી દેશભરમાં કોવિડ વેક્સિનના બુસ્ટર ડોઝની વિનામૂલ્યે આપવાની શરૂઆત કરી છે.

## ❖ ગુજરાત રાજ્યમાં યાત્રાધામોની રાહતદરે પ્રવાસ કરાવતી 'શ્રવણતીર્થ દર્શન યોજના'ના વ્યાપમાં વધારો.




→ આ યોજના મુજબ હાલમાં એસ.ટી. સુપર બસ નોન એ.સી. ઉપરાંત એસ.ટી. મિનિ બસ નોન એ.સી. અથવા ખાનગી બસની મુસાફરી પૈકી જેનું ભાડું ઓછું હોય તેના 50% રકમ સહાય તરીકે ચૂકવાય છે, જે હવે 75% સુધીની રકમ ચૂકવાશે.

→ આ અગાઉ પ્રવાસની મર્યાદા બે રાત્રિ – ત્રણ દિવસ એટલે કે 60 કલાક સુધીની હતી, તે હવે ત્રણ રાત્રિ – ત્રણ દિવસ એટલે કે 72 કલાક સુધી વધારવામાં આવી.

→ આ યોજના અનુસાર અગાઉ 75 વર્ષની વ્યક્તિ એકલી પ્રવાસ કરતી હોય તો તેમની સાથે એટેન્ડન્ટ તરીકે 60 થી ઓછી વયની વ્યક્તિ રાખી શકતી હતી, જે હવેથી તેમની સાથે 18 વર્ષથી વધુ વયની વ્યક્તિ જોડાઈ શકે છે.

→ આ યોજના મુજબ અગાઉ ઓછામાં ઓછા 30 વરિષ્ઠ નાગરિકોના સમૂહની અરજી માન્ય ગણાતી હતી, હવેથી 27 વરિષ્ઠ નાગરિકોના સમૂહની અરજી પણ માન્ય ગણાશે.

→ આ યોજના અનુસાર અગાઉ બસ દીઠ રૂ. 500 પ્રોત્સાહક રકમ ડેપો મેનેજર તેમજ ખાનગી બસ ઓપરેટને ચૂકવાતી હતી, હવેથી આ રકમ ગ્રુપ લીડર કો.ઓર્ડિનેટર, તલાટી, સરપંચ કે પ્રોજેક્ટ આસિસ્ટન્ટને ચૂકવવામાં આવશે.

**<u>શ્રવણ તીર્થદર્શન યોજના વિશે...</u>**


→ ગુજરાતના વરિષ્ઠ નાગરિકો સરળતાથી ગુજરાતના વિવિધ યાત્રાધામોની મુલાકાત લઈ શકે તે ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2017થી આ યોજના શરૂ કરવામાં આવી છે.

→ અમલીકરણ સંસ્થા : ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ

→ વયમર્યાદા : ઓછામાં ઓછી ઉંમર 60 વર્ષની હોવી જોઈએ

→ લાભ : આ યોજના મુજબ મુસાફરી ખર્ચના 75% રકમ રાજ્ય સરકાર ચૂકવશે.

## ❖ વિશ્વમાં અત્યંત દુર્લભ EMM બ્લડગ્રૂપ સેમ્પલ ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતમાં મળ્યું.




→ વિશ્વમાં અત્યંત દુર્લભ ગણાતા EMM નેગેટિવ બ્લડગ્રુપનું સેમ્પલ તાજેતરમાં ગુજરાતમાં મળી આવ્યું છે.

→ અત્યાર સુધી આ બ્લડગ્રુપ ધરાવતા વિશ્વમાં માત્ર નવ વ્યક્તિ જ નોંધાયા છે. ગુજરાતમાં નોંધાયેલા આ કેસથી હવે આ બ્લડ ગ્રુપ ધરાવતા લોકોની સંખ્યા વધીને દસ થઈ છે.

→ મૂળ રાજકોટના દર્દીને હૃદય રોગનો હુમલો થતાં સારવાર અર્થે અમદાવાદ લવાયા હતા ત્યારે દર્દીનું બ્લડ સેમ્પલ અમદાવાદ અને સુરતની બ્લડ બેન્કમાં મોકલવામાં આવ્યું હતું. પરંતુ પ્રચલિત કોઈપણ બ્લડ ગ્રુપ આ સેમ્પલ સાથે મેચ ન થતાં તેને ન્યૂયોર્ક મોકલવામાં આવ્યું અને આ રિપોર્ટમાં EMM નેગેટિવ બ્લડગ્રુપની જાણકારી મળી હતી.

- **<u>EMM બ્લડ ગ્રુપ :</u>**

→ સામાન્ય માનવ શરીરમાં O, A, B અને AB એમ ચાર પ્રકારના લોહીના જૂથ હોય છે. જેમાં A, B, O, Rh અને Duffy જેવા 42 પ્રકારના બ્લડ સિસ્ટમ હોય છે અને તેમાં પણ 375 પ્રકારના એન્ટીજન હોય છે અને આ દરેકમાં EMM હાઈફ્રિકવન્સી એન્ટિજન હોય છે. પરંતુ વિશ્વમાં 10 વ્યક્તિ એવા છે કે જેના લોહીમાં EMM હાઈફ્રિકવન્સી એન્ટીજન જ નથી જેથી તેમનું લોહી સામાન્ય માનવી કરતા અલગ પડે છે.

→ આ બ્લડ ગ્રુપ ધરાવતાં વ્યક્તિ કોઈને લોહી આપી શકતા નથી કે પછી કોઈનું લોહી લઈ પણ શકતા નથી.

→ સુરતના લોક સમર્પણ રકતદાન કેન્દ્રના ડો. સનમુખ જોશી, અમદાવાદની પ્રથમા બ્લડ સેન્ટરના ડો.રિપલ શાહ, ન્યૂયોર્કની બ્લડ સેન્ટરના ડો. વેસ્ટોફ અને હાવવર્ડ મેડિકલ સ્કૂલના ડો.લેને વિશ્વના દસમાં તથા ભારતના પ્રથમ માનવીને શોધ્યો છે જે લોહી આપી કે સ્વીકારી શકશે નહીં.

→ તેથી ચારેય ડોકટરોએ EMM નેગેટીવ બ્લડ ગ્રૂપવાળા દસમાં વ્યક્તિની ઓળખ કરી છે.

## ❖ ગુજરાત રાજયમાં ઘણાં જિલ્લાઓમાં પશુઓ (ગાય અને ભેંસ)માં 'લમ્પી સ્કિન ડિસીઝ' વાઈરસનો ફેલાવો.



→ ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર વિસ્તારના દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, મોરબી, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર અને દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાઓના દૂધાળા પશુઓમાં હાલમાં 'લમ્પી સ્કિન ડિસીઝ વાઈરસ' મોટા પ્રમાણમાં જોવા મળ્યો છે.

- **<u>લમ્પી સ્કિન ડિસીઝ :</u>**

→ લમ્પી સ્કિન ડિસીઝ એક વાઈરસ જન્ય રોગ છે. જેનો ફેલાવો માખી, મચ્છર, ઈતરડીથી તથા દૂષિત ખોરાક અને પાણીથી થાય છે.

→ આ વાઈરસ સૌપ્રથમ વાર વર્ષ 1929માં ઝામ્બિયામાં જોવા મળ્યો હતો.

- **<u>લક્ષણો :</u>**

→ આ રોગથી પશુઓમાં સામાન્ય તાવ, આંખ–નાકમાંથી પ્રવાહી આવવું, મોઢામાંથી લાળ પડવી, શરીરે નરમ ફોલ્લાં થવા, દૂધનું ઉત્પાદન ઘટવું, પશુઓમાં ખાવાનું બંધ થવું વગેરે જેવા લક્ષણો જોવા મળે છે.

- **<u>ઉપાયો :</u>**

→ આ વાઈરસથી પીડાયેલ પશુઓનું સ્થળાંતર રોકવું, પશુઓના તબેલામાં સ્વચ્છતા જાળવવી, પશુ ચિકિત્સકની સલાહ મુજબ પશુઓને દવા આપવી અને માખી, મચ્છર, ઈતરડીનો ઉપદ્રવ અટકાવવા દવા છાંટવી તથા પશુ હેલ્પલાઈન નંબર – 1962 ઉપર સંપર્ક કરવો.

# રિપોર્ટ અને ઈન્ડેક્સ

## ❖ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ–2013 (NFSA) સ્ટેટસ રેન્કિંગ 2022 જાહેર.




→ તાજેતરમાં ખાદ્ય અને જાહેર વિતરણના કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલ દ્વારા NFSA સ્ટેટ રેન્કિંગની પ્રથમ આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી.

→ આ રેન્કિંગમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA)ના અમલીકરણ માટે ઓડિશા રાજ્ય પ્રથમ ક્રમે રહ્યું છે.

→ આ ઈન્ડેક્સ સમગ્ર દેશમાં NFSAના અમલીકરણની સ્થિતિ અને પ્રગતિને રાજ્યો સાથે ચર્ચા કર્યા બાદ નોંધણી કરે છે અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાઓને પ્રકાશિત કરે છે.

→ આ ઈન્ડેક્સ મોટા ભાગે NFSAના વિતરણ પર કેન્દ્રિત છે. તેમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKY) વિતરણનો સમાવેશ થાય છે.

→ આ ઈન્ડેક્સ મુજબ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રેન્કિંગ માટેના માપદંડો નીચે મુજબ છે :

1–NFSAના કવરેજ, લક્ષ્યીકરણ અને કાયદાની જોગવાઈ
2–ડિલિવરી પ્લેટફોર્મ
3–પોષણ પહેલ

આ સૂચકાંકો NFSAની લક્ષિત જાહેર વિતરણ પ્રણાલી (Targeted / Public Distribution System – TPDS) ના અમલીકરણને અંત સુધી આવરી લે છે.

→ આ ઈન્ડેક્સમાં રાજ્યોનું રેન્કિંગ ત્રણ શ્રેણીઓ મુજબ છે :

| **(A) સામાન્ય શ્રેણી – General Category** | | |
|---|---|---|
| **રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશ** | **ઈન્ડેક્સ સ્કોર** | **રેન્ક** |
| ઓડિશા | 0.836 | 1 |
| ઉત્તર પ્રદેશ | 0.797 | 2 |
| આંધ્રપ્રદેશ | 0.794 | 3 |
| ગુજરાત | 0.790 | 4 |
| **(B) વિશેષ શ્રેણી – Special Category** | | |
| ત્રિપુરા | 0.788 | 1 |
| હિમાચલ પ્રદેશ | 0.758 | 2 |
| સિક્કિમ | 0.710 | 3 |
| **(C) સૌથી ખરાબ શ્રેણી – Worst Performers Category** | | |
| દિલ્હી | 0.658 | 18 |
| છત્તીસગઢ | 0.654 | 19 |
| ગોવા | 0.631 | 20 |

**Nation Food Security Act-2013 વિશે...**

→ શરૂઆત : 10 સપ્ટેમ્બર, 2013

→ મંત્રાલય : ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ

→ ઉદ્દેશ્ય : ખોરાક અને પોષણ સુરક્ષા

**જોગવાઈ :**

(1) વ્યક્તિ દીઠ 5 કિલો અનાજ પ્રતિમાસ
(2) 14 વર્ષ સુધીના બાળકો માટે મફત ભોજન
(3) સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને ગર્ભાવસ્થા દરમિયાન અને બાળકના જન્મના 6 માસ પછી રૂા. 6000 આપવામાં આવે છે.
(4) જિલ્લા અને રાજ્ય સ્તરે ફરિયાદ નિવારણ તંત્રની સ્થાપના

→ આ રિપોર્ટ અંતર્ગત ગુજરાત 0.790 ના સ્કોર સાથે સામાન્ય શ્રેણીમાં ચોથા ક્રમાંકે રહ્યું છે.

## ❖ યુથ ઈન ઈન્ડિયા 2022 રિપોર્ટ જાહેર

→ તાજેતરમાં ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા 'યુથ ઈન ઈન્ડિયા (Youth in India) 2022' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.

→ આ રિપોર્ટમાં જણાવ્યા મુજબ યુવાનોની વસ્તીનો હિસ્સો ઘટવા લાગ્યો છે જ્યારે વર્ષ 2021 થી 2036 દરમિયાન વૃદ્ધોની સંખ્યા વધવાની ધારણા છે.

- **રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ :**

→ 'યુથ ઈન ઈન્ડિયા 2022' રિપોર્ટ મુજબ દેશની કુલ વસ્તીમાં યુવાનોનું પ્રમાણ વર્ષ 1991માં 26.6% થી વધીને વર્ષ 2016માં 27.9% થયું છે અને તે પછી ઘટીને વર્ષ 2036 સુધીમાં 22.7% સુધી પહોંચી જશે.

→ આ રિપોર્ટ મુજબ ગુજરાતમાં યુવાનોની વસતીનું પ્રમાણ વર્ષ 2021, 2031 અને 2036માં અનુક્રમે 26.4%, 23.4% અને 22.6% થશે.

**'YOUTH IN INDIA 2022' REPORT**

| State/Union Territory | % of youth in total population of State/UT | | |
|---|---|---|---|
| | 2021 | 2031 | 2036 |
| Bihar | 28.8 | 27.7 | 25.5 |
| Himachal Pradesh | 25.1 | 21.4 | 19.5 |
| Kerala | 22.1 | 20 | 19.2 |
| Madhya Pradesh | 27.7 | 25.3 | 24.7 |
| Maharashtra | 26.1 | 22.5 | 21 |
| Rajasthan | 28.7 | 25.8 | 24.6 |
| Tamil Nadu | 23.2 | 20.4 | 19.1 |
| Uttar Pradesh | 29.9 | 26.3 | 25.1 |
| India | 27.2 | 24.1 | 22.7 |

*Source: Youth in India 2022 Report, MoSPI*
*Report of the Technical Group on Population Projections for India and States 2011-2036, Ministry of Health & Family Welfare, 2020*

→ આ રિપોર્ટ મુજબ વૃદ્ધ વસતીનું પ્રમાણ વર્ષ 1991માં 6.8% થી વધીને વર્ષ 2016માં 9.2% થયું છે અને વર્ષ 2036 સુધી 14.9% સુધી પહોચવાનો અંદાજ છે.

→ આ રિપોર્ટ મુજબ કુલ પ્રજનન દર (Total Fertility Rate – TFR) વર્ષ 1971માં 5.2 થી ઘટીને વર્ષ 2019 માં 2.1 ટકા થયો છે જે વર્ષ 2017 અને 2018માં 2.2 હતો.

→ આ રિપોર્ટ અનુસાર કેરળમાં વર્ષ 2021માં 22.1% યુવાનોની સરખામણીમાં વૃદ્ધોની વસતી 16.5% જોવા મળી છે તેમજ તમિલનાડુ અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમા વર્ષ 2036 સુધીમાં યુવાનો કરતા વૃદ્ધોની સંખ્યામાં વધારો થશે.

| વર્ષ | કુલ યુવા વસતી |
|---|---|
| 1991 | 222.7 મિલિયન |
| 2011 | 333.4 મિલિયન |
| 2021 | 345.5 મિલિયન |

## ❖ UNICEFના રિપોર્ટ મુજબ વિવિધ રસીના ઈમ્યુનાઈઝેશન કવરેજમાં ઘટાડો.

→ તાજેતરમાં યુનિસેફ (United Nations Children's Fund – UNICEF) ના એક રિપોર્ટમાં વૈશ્વિક સ્તરે અને ભારતમાં પણ રસીકરણ કાર્યક્રમો પર કોવિડ–19 રોગચાળાની અસરને પ્રકાશિત કરવામાં આવી છે.

→ આ રિપોર્ટ મુજબ વર્ષ 2020માં 30 લાખ બાળકોને ડિપ્થેરિયા, ટેટાનસ અને પેટ્યુસિસ (DTP) રસીનો પ્રથમ ડોઝ મળ્યો નથી. જેથી આ રસીના ત્રણ ડોઝ મેળવનારા વિશ્વભરના બાળકોની ટકાવારીમાં વર્ષ 2019 અને વર્ષ 2021ની વચ્ચે સંઘર્ષ અને રોગચાળાના કારણે 5% ઘટાડો થયો છે.



→ UNICEFના રિપોર્ટ અનુસાર 30 વર્ષમાં વિશ્વમાં DTPના રસીકરણમાં સૌથી મોટો 81% ઘટાડો થયો છે.

→ યુનિસેફ મુજબ ઈન્ટેન્સિફાઈટ (તીવ્ર) મિશન ઈન્દ્રધનુષ 3.0 (કેચ અપ્સ પ્રોગ્રામ) દ્વારા વર્ષ 2021માં પ્રથમ ડોઝ ન મેળવનાર બાળકોની સંખ્યા 3 મિલિયનથી ઘટાડીને 2.7 મિલિયન થઈ.

→ ભારત સરકાર દ્વારા વર્ષ 2022માં ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ 4.0 પણ શરૂ કરવામાં આવ્યું છે જેનું લક્ષ્ય દરેક સગર્ભા સ્ત્રી અને બાળકોને રસી આપવાનો છે.

→ દર વર્ષે ભારત સરકાર તેના સાર્વત્રિક (યુનિવર્સલ) રસીકરણ પ્રોગ્રામ અંતર્ગત 30 મિલિયનથી વધુ સગર્ભા સ્ત્રીઓ અને 27 મિલિયન બાળકોને રસી આપે છે.

**UNICEF વિશે...**

→ પૂરું નામ : United Nations International Children's Emergency Fund

→ સ્થાપના : 11 ડિસેમ્બર, 1946 (UN દ્વારા દ્વિતીય વિશ્વ યુદ્ધ પછીના યુરોપ અને ચીનમા બાળકોની કટોકટીની જરૂરિયાતને પહોંચી વળવા માટે UNICEFની સ્થાપના કરવામાં આવી હતી.)

→ સભ્યો : 190 થી વધુ દેશો

→ વડુમથક : ન્યૂયોર્ક (New York – United States)

→ કાર્યક્રમ : યુનાઈટેડ નેશન્સનો વિશેષ કાર્યક્રમ

→ સંસ્થાનો પ્રકાર : માનવતા વાદી સહાય

## ❖ ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2022 જાહેર

→ તાજેતરમાં વિશ્વ આર્થિક મંચ (World Economic Forum – WEF) દ્વારા ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2022 બહાર પાડવામાં આવ્યો છે.

→ આ ઈન્ડેક્સમાં ભારત કુલ 146 દેશોમાંથી 135માં ક્રમે છે અને તેના પેટા ઈન્ડેક્ષ સ્વાસ્થ્ય તથા અસ્તિત્વ (અનુજીવન) ભારત વિશ્વમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર 146માં ક્રમે છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ભારતનો સ્કોર 0.625 (2021માં) થી વધીને 0.629 (2022માં) થયો છે જે છેલ્લા 16 વર્ષમાં સાતમો સૌથી વધુ સ્કોર છે.

→ આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં ભારત 156 દેશોમાંથી 140માં ક્રમે હતો.

→ આ રિપોર્ટ મુજબ ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સના ચાર મુખ્ય માપદંડો છે.
(1) આર્થિક ભાગીદારી અને તક, (2) શૈક્ષણિક પ્રાપ્તિ, (3) આરોગ્ય અને અસ્તિત્વ તથા (4) રાજકીય સશક્તિકરણ વગેરે.

→ આ રિપોર્ટ મુજબ ભારત તેના પડોશી દેશો કરતા પણ નબળું સ્થાન ધરાવે છે.

| | દેશ | ક્રમ | | | દેશ | ક્રમ |
|---|---|---|---|---|---|---|
| 1 | બાંગ્લાદેશ | 71 | | 5 | ભૂટાન | 126 |
| 2 | નેપાળ | 96 | | 6 | ઈરાન | 143 |
| 3 | શ્રીલંકા | 110 | | 7 | પાકિસ્તાન | 145 |
| 4 | માલદીવ્સ | 117 | | 8 | અફઘાનિસ્તાન | 146 |




→ આ રિપોર્ટ અનુસાર કોઈપણ દેશે સંપૂર્ણ લિંગ સમાનતા હાંસલ કરી નથી, ટોચની 10 અર્થવ્યવસ્થાએ તેમના દેશમાં લિંગ તફાવતના ઓછામાં ઓછા હાંસલ કર્યા છે.


| દેશ | ટકાવારી | ક્રમ | | દેશ | ટકાવારી | ક્રમ |
|---|---|---|---|---|---|---|
| આઈસલેન્ડ | 90.8% | 1 | | રવાન્ડા | 81.1% | 6 |
| ફિનલેન્ડ | 86% | 2 | | નિકારાગુઆ | 81% | 7 |
| નોર્વે | 84.5% | 3 | | નામીબિયા | 80.7% | 8 |
| ન્યૂઝીલેન્ડ | 84.1% | 4 | | આયર્લેન્ડ | 80.4% | 9 |
| સ્વીડન | 82.2% | 5 | | જર્મની | 80.1% | 10 |

**World Economic Forum વિશે...**

→ સ્થાપના : વર્ષ 1971 (બિન–લાભકારી સંસ્થા)
→ વડુમથક : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ (યુરોપિયન દેશ)
→ વર્ષ 2022માં 52મી વાર્ષિક મિટિંગ : દાવોસ (Davos), સ્વિટ્ઝલેન્ડ
→ થીમ–2022 : સાથે કામ કરવુ, વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવો (Working together, Restoring Trust)
→ સંસ્થા દ્વારા આપવામાં આવતા રિપોર્ટ અને ઈન્ડેક્સ : Global competitiveness Rpoert, Global Enabling Trade Report, Global Gender Gap Index, Human Capital Index and Inclusive Development Index.



## ❖ UN દ્વારા વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ (WPP) 2022ની 27મી આવૃત્તિ જાહેર




→ તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર (UN) દ્વારા વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટસ 2022ની 27મી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે જેમાં ભારત વર્ષ 2023માં વિશ્વના સૌથી વધુ વસતી ધરાવતા દેશ ચીનથી આગળ નીકળી જવાનો અંદાજ છે.


→ આ પ્રોસ્પેક્ટ્સ મુજબ વર્ષ 2022માં ચીન 1426 મિલિયન સાથે વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતા દેશ છે પરંતુ ભારત ચીન થી 1412 મિલિયનની નજીવી ઓછી વસતી ધરાવતો દેશ છે.

→ આ રિપોર્ટ મુજબ 15 નવેમ્બર 2022 સુધીમાં વૈશ્વિક વસતી 8 અબજ (બિલિયન) સુધી પહોંચી જશે, જે વર્ષ 1950ની 2.5 બિલિયન વસતી કરતા ત્રણ ગણી વધારે છે. વર્ષ 2050 સુધીમાં વૈશ્વિક વસતી 9.7 બિલિયન થઈ જશે.

→ UNના અહેવાલ મુજબ વર્ષ 2020માં પ્રથમ વખત વર્ષ 1950 પછી વસતી વૃદ્ધિદર 1 ટકાથી નીચે ગયો છે.

→ આ રિપોર્ટ અનુસાર ભારતની વસતી વર્ષ 2050 સુધીમાં 1668 મિલિયન સુધી પહોંચી જશે, જે ચીનની ઘટતી વસતી 1317 મિલિયન કરતા ઘણી વધારે છે.

→ આ રિપોર્ટ મુજબ વર્ષ 2022માં વિશ્વના 2 સૌથી વધુ વસતી ધરાવતા પ્રદેશોમાંથી એક પૂર્વીય અને દક્ષિણ પૂર્વ એશિયામાં છે જેમાં 2.3 બિલિયન લોકો રહે છે, જે વૈશ્વિક વસતીના 29 ટકાનું છે. બીજો મધ્ય અને દક્ષિણ એશિયા 2.1 બિલિયન (26%) વૈશ્વિક વસતીનું પ્રતિનિધિત્વ કરે છે.




→ આ રિપોર્ટ મુજબ 65 વર્ષ કે તેથી વધુ વયની વૈશ્વિક વસતીનો હિસ્સો વર્ષ 2022માં 10% થી વધીને વર્ષ 2050માં 16% થવાનો અંદાજ છે તથા વર્ષ 2050 સુધીમાં 65 વર્ષ અને તેથી વધુ વયની વ્યકિતઓની સંખ્યા 5 વર્ષના અને 12 વર્ષના લોકોની સંખ્યા કરતા બમણી થવાની ધારણા છે.

→ આ રિપોર્ટ અનુસાર વર્ષ 2050 સુધી વૈશ્વિક વસતીમાં અંદાજિત અડધાથી વધુ વધારો માત્ર આઠ દેશો (ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ઈજિપ્ત, ઈથોપિયા, ભારત, નાઈજીરીયા, પાકિસ્તાન, ફિલિપાઈન્સ અને યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાંઝાનિયા)માં કેન્દ્રીત થશે અને સબ–સહારન આફ્રિકાના દેશો વર્ષ 2100 સુધીમાં સતત વૃદ્ધિ પામશે.

→ આ રિપોર્ટ મુજબ નવજાત શિશુ (0 થી 3 મહિના)ઓની સંખ્યા વર્ષ 2040 થી 2045 ની વચ્ચે વાર્ષિક ધોરણે 138 મિલિયન સુધી પહોંચી જશે.

→ આ રિપોર્ટ અનુસાર 46 અલ્પ વિકસિત દેશો (LDCs) વિશ્વના સૌથી ઝડપી વસતી વૃદ્ધિના વિકસતા દેશોમાં સામેલ છે.

- **વિશેષ :**

| ક્રમ | વૈશ્વિક વસતી | વર્ષ | ક્રમ | વૈશ્વિક વસતી | વર્ષ | ક્રમ | વૈશ્વિક વસતી | વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1 બિલિયન | 1804 | 5 | 5 બિલિયન | 1987 | 9 | 8.5 બિલિયન | 2030 |
| 2 | 2 બિલિયન | 1927 | 6 | 6 બિલિયન | 1998 | 10 | 9.7 બિલિયન | 2050 |
| 3 | 3 બિલિયન | 1959 | 7 | 7 બિલિયન | 2011 | 11 | 10.4 બિલિયન | 2100 |
| 4 | 4 બિલિયન | 1974 | 8 | 8 બિલિયન | 2022 | | | |

- **World Population Prospects – WPP :**

→ યુ.એન.નો વસતી વિભાગ વર્ષ 1951 થી WPP ને દ્વિવાર્ષિક ચક્રમાં પ્રકાશિત કરી રહ્યું છે.

→ WPP નું દરેક પુનરાવર્તન વર્ષ 1950 થી શરૂ થતા વસતી સૂચકાંકોની ઐતિહાસિક સમય શ્રેણી પ્રદાન કરે છે.

→ WPP પ્રજનન ક્ષમતા, મૃત્યુદર અથવા આંતરરાષ્ટ્રીય સ્થળાંતરના ભૂતકાળના વલણો (Trends)ના અંદાજને સુધારવા માટે નવા જાહેર કરાયેલા રાષ્ટ્રીય ડેટાને ધ્યાનમાં લઈને પ્રોસ્પેક્ટસ બહાર પાડે છે.

## આંતરરાષ્ટ્રીય

### ❖ બાલી (ઈન્ડોનેશિયા) ખાતે 17મી G-20 વિદેશમંત્રીઓની બેઠક યોજાઈ.




→ તાજેતરમાં ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે બાલી (ઈન્ડોનેશિયા) ખાતે યુ.એસ. શહેર સેક્રેટરી અને રશિયન વિદેશ પ્રધાન તથા અન્ય પ્રતિભાગીઓ સાથે G-20 (Group of Twenty) વિદેશ પ્રધાનોની યોજાયેલ બેઠકમાં ભાગ લીધો હતો.

- **<u>આ મિટિંગના મુખ્ય મુદ્દાઓ :</u>**

→ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ચીનના સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી સાથે મુલાકાત કરી હતી.

→ ભારતે પૂર્વ લદ્દાખમાં લાઈન ઓફ એકચ્યુઅલ કંટ્રોલ (LAC) સાથેની સમસ્યાઓને ઝડપથી ઉકેલ લાવવા માટે વિનંતી કરી હતી.

→ ચીન દ્વારા આ વર્ષના BRICS અધ્યક્ષપદ દરમિયાન ભારતના સમર્થન માટે પ્રશંસા વ્યકત કરવામાં આવી અને ભારતના આગામી G-20 અને SCO પ્રમુખ પદ માટે સમર્થનની બાહેધરી આપવામાં આવી.

**<u>G-20 વિશે...</u>**

→ G-20 એ 19 દેશો અને યુરોપિયન યુનિયનનો સમાવેશ કરતું આંતરરાષ્ટ્રીય સરકારી સંસ્થા છે.

→ G-20 ફોરમ વિશ્વની વિકસિત અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓને એક સાથે જોડે છે. તે વૈશ્વિક વસતીના બે–તૃતીયાંશ, આંતરરાષ્ટ્રીય વેપારના 75% અને વૈશ્વિક GDPના 85% હિસ્સો ધરાવે છે. આમ તે આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટે એક પ્રભાવશાળી પ્લેટફોર્મ છે.

→ સ્થાપના : 26 સપ્ટેમ્બર, 1999

### ❖ BRICS બેઠકમાં ભારત સરકારના કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીની હાજરી.




→ તાજેતરમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવે ચીનની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી બ્રિકસ (BRICS – Brazil, Russia, India, China & South Africa) બેઠકમાં હાજરી આપી હતી.

→ આ બેઠકમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, અને દક્ષિણ આફ્રિકાના મંત્રીઓએ ભાગ લીધો હતો.

→ આ બેઠકમાં ત્રણ પ્રાથમિકતા ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવી છે જે નીચે મુજબ છે :
(1) ટકાઉ વિકાસ માટે ગ્રીન જોબ્સને પ્રોત્સાહન આપવું.
(2) સ્થિતિસ્થાપક પુનઃ પ્રાપ્તિ માટે કુશળતા વિકસાવી.
(3) રોજગારના નવા સ્વરૂપોમાં કામદારોના અધિકારોનું રક્ષણ કરવું વગેરે.

→ આ બેઠકમાં કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવે રોગચાળા દરમિયાન કામદારોને રાહત આપવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલાઓની સ્પષ્ટતા કરી હતી.

→ આ બેઠકમાં ભારત દ્વારા મફત રાશન પ્રદાન કરવા, મનરેગા (MANREGA) હેઠળ નિશ્ચિત રોજગારના દિવસોની સંખ્યામાં વધારો કરવા અને 2.9 મિલિયન શેર વિક્રેતાઓને પી.એ. સ્વનિધી (PM Svanidhi) યોજના હેઠળ તેમના વ્યવસાયોને ફરીથી શરૂ કરવામાં મદદ કરવા માટે કોલેટરલ (સહાયક દેવુ અથવા સુરક્ષા) મુકત લોન પ્રદાન કરવા તરફ લેવાયેલી વિવિધ પહેલોને પ્રકાશિત કરવામાં આવી હતી.

**<u>BRICS વિશે...</u>**

→ સ્થાપના : 16 જૂન, 2009
→ સભ્યો : બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા
→ વડુમથક : શાંઘાઈ (ચીન)
→ વર્ષ 2009માં ચાર સભ્યો હતા, ત્યારબાદ વર્ષ 2010માં દક્ષિણ આફ્રિકા ના જોડાણ પછી પાંચ સભ્યો થયા જેથી તે BRICSના નામથી ઓળખવામાં આવે છે.

→ આ બેઠકમાં ગ્રીન સેકટરમાં કૌશલ્ય વિકાસ માટે વ્યૂહરચના વિકસાવવા અને કાર્યક્રમોનો અમલ કરવા માટે ભારતમાં ગ્રીન જોબ્સ માટે સેકટર કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે.

## ❖ ઈરાન અને બેલારુસ SCOમાં બે નવા સભ્ય તરીકે જોડાશે.

→ તાજેતરમાં સપ્ટેમ્બર 2022માં SCO સમિટ સમરકંદ (ઉઝબેકિસ્તાન)માં યોજાવાની છે, જેમાં ઈરાન અને બેલારુસ SCO (Shanghai Co-Opration Organisation) માં બે નવા સભ્ય તરીકે જોડાવાની સંભાવના છે.

→ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની સમિટ પહેલા વારાણસીને વર્ષ 2022-23 માટે SCO પ્રદેશની પ્રથમ 'પર્યટન અને સાંસ્કૃતિક' રાજધાની તરીકે પસંદ કરવામાં આવી છે.

→ ભારતમાં આવતા વર્ષે (2023) માં SCO સમિટનું આયોજન કરવામાં આવશે જેની અધ્યક્ષતા પણ ભારત દ્વારા કરવામાં આવશે.



**SCO વિશે...**

→ સ્થાપના : વર્ષ 2001

→ સભ્ય દેશો : 8 (ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત અને પાકિસ્તાન)

→ સંસ્થાનો પ્રકાર : યુરેશિયન (યુરોપ અને એશિયા) રાજકીય, આર્થિક અને લશ્કરી સંસ્થા (SCOની મુખ્ય કાયમી કારોબારી સંસ્થા)

→ શાંઘાઈ ફાઈવ : ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા અને તાજિકિસ્તાન (વર્ષ 2001માં સંગઠનમાં ઉઝબેકિસ્તાનના જોડાણ બાદ શાંઘાઈ ફાઈવ (Five) નું નામ બદલીને SCO રાખવામાં આવ્યું હતું.

→ વડુમથક : બેઈજિંગ, ચીન

→ અધ્યક્ષ : ઝાંગ મિંગ (Zhang Ming)

→ સત્તાવાર ભાષા : રશિયન અને ચીની

→ ભારત અને પાકિસ્તાને વર્ષ 2017થી SCOના સભ્યદેશ બન્યા છે.

## ❖ I2U2 (ઈઝરાયેલ, ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ અને સંયુકત આરબ અમીરાત)ની પ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજાઈ.

→ તાજેતરમાં રચાયેલ જૂથની પ્રથમ I2U2 (Israel, India, United States and United Arab Emirates) નેતાઓની સમિટ વર્ચ્યુઅલ રીતે યોજાઈ હતી.

→ આ સમિટમાં સંયુકત આરબ અમીરાત દ્વારા દક્ષિણ એશિયા અને મધ્યપૂર્વમાં ખાદ્ય અસુરક્ષાનો સામનો કરવામાં મદદ કરવા માટે ચાર દેશોના જૂથ I2U2 ના પ્રયાસોના ભાગરૂપે સમગ્ર ભારતમાં સંકલિત ફૂડ પાર્કની શ્રેણી વિકસાવવા માટે 2 બિલિયન USDના રોકાણની જાહેરાત કરવામાં આવી છે.




→ આ સમિટમાં નેતાઓએ સંયુકત નિવદેનમાં જણાવ્યું કે નવી દિલ્હી યોગ્ય જમીન પ્રદાન કરશે અને ફૂડ પાર્કમાં ખેડૂતોને એકીકરણની સુવિધા આપશે.

→ આ સંકલિત ફૂડ પાર્ક ખાદ્ય પદાર્થોનો કચરો અને બગાડ ઘટાડવા, તાજા પાણીનું સંરક્ષણ કરવા અને પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના ઉપયોગ કરવા માટે અત્યાધુનિક કલાઈમેટ સ્માર્ટ ટેકનોલોજીનો સમાવેશ કરશે.

→ સમિટમાં ગુજરાતમાં 300 મેગાવોટ (MW) પવન તથા સૌર ક્ષમતા ધરાવતા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પ્રોજેકટને સમર્થન આપવાની જાહેરાત કરી છે.

**I2U2 વિશે...**

→ રચના : વર્ષ 2022

→ પ્રકાર : આંતર સરકારી સંસ્થાં

→ સભ્યો : ઈઝરાયેલ, ઈન્ડિયા, યુ.એ.ઈ અને યુ.એસ.એ.

→ ફૂડ પાર્ક એ એક ખ્યાલ છે જેનો ઉદ્દેશ ફાર્મથી ગ્રાહક બજારો સુધી સીધું જોડાણ સ્થાપિત કરવાનો છે.

## અર્થવ્યવસ્થા

### ❖ RBI એ ફોરેક્સ રિઝર્વના પ્રવાહને વેગ આપવા માટે જરૂરી સુધારાઓ કર્યા.




→ તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા ફોરેકસ રિઝર્વના પ્રવાહને વેગ આપવા માટે પગલાઓ લેવામાં આવ્યા છે જેમાં બાહ્ય વાણિજ્યિક ઉધાર (External Commercial Borrowing – ECB) ને 750 મિલિયન ડોલરથી વધારીને 1.5 બિલિયન ડોલર કરવામાં આવ્યો છે.

→ નાણા મંત્રાલયે સોનું, પેટ્રોલ, ડિઝલ અને જેટ ઈંધણ પર કર અને ક્રૂડ ઓઈલ પર નફા પરનો ઊંચો ટેક્સ રેટ લાદ્યો તેના થોડા દિવસો બાદ ઉપરોક્ત પગલું લેવામાં આવ્યું છે.

→ RBI મુજબ ચાલુ નાણાકીય વર્ષ (2022-23) દરમિયાન વર્તમાન ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે યુ.એસ (US) ડોલર સામે રૂપિયો 4.1 ટકા જેટલો નબળો પડયો છે, જે ઘટીને રૂ. 79.30 થયો છે.

→ RBI મુજબ ભારતનું વિદેશી વિનિમય અનામત (Foreign Exchange Reserve) USD 50 બિલિયનમાં આ ઘટાડો USD 592.453 બિલિયન થયો છે, જે ગયા વર્ષે USD 642.453 બિલિયન હતો.

- **Forex Reserve :**

→ ફોરેન એકસચેન્જ રિઝર્વ એ સેન્ટ્રલ બેંક (RBI) દ્વારા વિદેશી ચલણમાં અનામત પર રાખવામાં આવેલી સંપત્તિ છે, જેમા બોન્ડ્સ (Bonds), ટ્રેઝરી બિલ્સ (Treasury Bills) અને અન્ય સરકારી સિક્યોરિટીઝ (G-secs) નો સમાવેશ થાય છે.

→ ફોરેક્સ રિઝર્વના ઘટકોમાં વિદેશી ચલણ, સોનાનો ભંડાર, વિશેષ ડ્રોઈંગ રાઈટ્સ (Special Drawing Rights) અને રિઝર્વ ટ્રાંચે પોઝિશન (Reserve Position with The IMF) વગેરેનો સમાવેશ થાય છે.

**RBI વિશે...**

→ સ્થાપના : 1 એપ્રિલ, 1935 (કોલકાતા)
→ વડુમથક : મુંબઈ
→ પ્રકાર : દેશની મધ્યસ્થ બેંક
→ ગવર્નર : શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી

## યોજના, પોર્ટલ, એપ્લિકેશન

### ❖ પરિમન પોર્ટલ – PARIMAN GEO PORTAL

→ તાજેતરમાં નેશનલ કેપિટલ રિજન પ્લાનિંગ બોર્ડ (NCRPB)ના અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રી હરદીપ સિંહ પુરી દ્વારા નેશનલ કેપિટલ રિજન (NCR) માટે ઓગસ્ટ 2021માં શરૂ કરાયેલ PARIMAN જિયો પોર્ટલ (Geo-Portal)ને જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

- **PARIMAN :**

→ આ પોર્ટલને NCRPB ની 40મી બેઠકમાં લોન્ચ કરવામાં આવ્યું.

→ આ પોર્ટલમાં અંતર્ગત પરિવહન, ઉદ્યોગો, પાણી, વીજળી, આરોગ્ય, આશ્રય, હેરિટેજ (વિરાસત) અને પ્રવાસન તથા આપત્તિ વ્યવસ્થાપન જેવા વિવિધ ક્ષેત્રોની વિગતોને આવરી લેવામાં આવ્યા છે.

**NCR (National Capital Region) વિશે...**

→ સ્થાપના : વર્ષ 1985
→ રાજ્યો : હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન
→ કેન્દ્રશાસિત પ્રદેશ : નવી દિલ્હી
→ મુખ્ય શહેરો : દિલ્હી, ફરીદાબાદ, ગાઝિયાબાદ, ગુરુગ્રામ, નોઈડા
→ NCR એ ગ્રામીણ અને શહેરી વિસ્તાર છે.

→ આ જિયો પોર્ટલ રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR) માં વિકેન્દ્રિત આયોજન અને વ્યવસ્થાપનને સુધારવામાં મદદ કરશે.

- **જીઓ પોર્ટલ (Geo Portal) :**

→ જીઓ પોર્ટલ એ વેબ પોર્ટલનો એક પ્રકાર છે જેનો ઉપયોગ ઈન્ટરનેટ દ્વારા ભૌગોલિક માહિતી સંબંધિત ભૌગોલિક સેવાઓને શોધવા તથા એકસેસ (વપરાશ) માટે થાય છે.

→ જીઓ પોર્ટલને NCPRBની વેબસાઈટ https://ncrpb.nic.in/ અને વેબલિંક https://ncrpbgis.nic.in/ દ્વારા એકસેસ કરી શકાય છે.

# ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) - 2022

# ચીફ ઓફીસર

**મુખ્ય અધિકારી વર્ગ-૩**

Govt. Jobs

**Education Qualification :** કોઈપણ ગ્રેજ્યુએટ

**: Age Limit :** 20 થી 36 વર્ષ

- સામાન્ય કેટેગરી મહિલાઃ (+5 વર્ષ)
- અનામત કેટેગરી પુરુષો(SC/ST/OBC/EWS વગેરે): (+5 વર્ષ)
- અનામત કેટેગરી મહિલા(SC/ST/OBC/EWS વગેરે): (+10 વર્ષ)

**Online Form : - 15 July 2022 To 30 July 2022**

કુલ જગ્યાઓ **08**

**Exam Date**

| પ્રાથમિક પરીક્ષા | મુખ્ય પરીક્ષા |
|---|---|
| 18/09/2022 | 19/26-Feb-2023 |

## ભાગ - 1 : પ્રાથમિક પરીક્ષા (હેતુલક્ષી)

**અભ્યાસક્રમ**

● સામાન્ય જ્ઞાન — ગુણ : 150 — સમય : 75 મિનિટ

1. ભારતની ભુગોળ - ગુજરાતના ખાસ સંદર્ભ સાથે
૨. ભારતનો સાંસ્કૃતિક વારસો - ગુજરાતના ખાસ સંદર્ભ સાથે
3. ભારતનો ઈતિહાસ - ગુજરાતના ખાસ સંદર્ભ સાથે
4. ભારતનું બંધારણ
5. ભારતીય અર્થવ્યવસ્થા અને આયોજન
6. સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી
૭. ખેલ જગત
૮. સામાન્ય બૌદ્ધિક ક્ષમતા
૯. વર્તમાન પ્રવાહો (પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો)

## ભાગ - 2 મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક)

| પેપર | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા | ૧૦૦ | 3 કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા | ૧૦૦ | 3 કલાક |
| 3 | સામાન્ય જ્ઞાન | ૨૦૦ | 3 કલાક |


ADMISSION OPEN

નવા વર્ગો દર સોમવાર માં શરૂ...

For Latest Vacancies & Updates Kindly visit @ www.bankingacademy.co.in

OUR CENTER

(Creating A Way For Govt. Jobs)

Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

Surat (Head Office) Ph. : 96629 00564

Varachha (Surat) Ph. : 70464 16555

Vyara Ph. : 90998 64658

Navsari Ph. : 70466 41555

Join our Telegram Channel @bankingacademy

Follow us on

## ❖ મિશન વાત્સલ્ય માટે નવી માર્ગદર્શિકા જાહેર

→ તાજેતરમાં કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ (WCO) મંત્રાલય દ્વારા મિશન વાત્સલ્ય બાળ સુરક્ષા યોજના (Mission Vatsalya Child Protection Scheme) અંતર્ગત રાજ્યો માટે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.




- **<u>નવી માર્ગદર્શિકાઓ :</u>**

→ આ નવી માર્ગદર્શિકા મુજબ રાજ્યોને કેન્દ્ર સરકાર દ્વારા મિશન વાત્સલ્ય હેઠળ ભંડોળ અને લાભો મેળવવા માટે અધિકૃત નામ (યોજનાનું મૂળ નામ) જાળવી રાખવુ (બદલી શકતા નથી) પડશે.

→ આ નવી માર્ગદર્શિકા અનુસાર રાજ્યોએ મિશન વાત્સલ્ય યોજનાના બ્રાન્ડિંગ અંગે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ કોઈપણ માર્ગદર્શિકા અથવા સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ મિશન વાત્સલ્યની નવી માર્ગદર્શિકા અનુસાર મિશન વાત્સલ્ય પ્રોજેકટ એપ્રુવલ બોર્ડ (PAB) દ્વારા રાજ્યોને ભંડોળ મંજૂર કરવામાં આવશે, જેની અધ્યક્ષતા WCD (Woman & Child Development) મંત્રાલયના સચિવ કરશે, જે અનુદાન (Grant) આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી પ્રાપ્ત વાર્ષિક યોજનાઓ અને નાણાકીય દરખાસ્તોની ચકાસણી બાદ જ તેને મંજૂરી આપશે.

→ નવી માર્ગદર્શિકા હેઠળ મિશન વાત્સલ્ય પ્રોજેકટ એપ્રુવલ બોર્ડ (PAB)માં ગૃહ બાબતો, સામાજિક ન્યાય અને અધિકારિતા, પંચાયતી રાજ, ગ્રામીણ વિકાસ, આવાસ અને શહેરી બાબતો, શ્રમ, યુવા બાબતો અને રમત ગમત, શાળા બાબતો અને સાક્ષરતા વિભાગના સચિવો તેમજ નીતિ આયોગના સીઈઓ (CEO)નો સમાવેશ થશે.

→ આ નવી માર્ગદર્શિકા અંતર્ગત મિશન વાત્સલ્ય યોજનાને 60 : 40 ના ગુણોત્તરમાં ફંડ શેરિંગ પેર્ટન સાથે રાજ્ય સરકારો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રો સાથે ભાગીદારીમાં કેન્દ્રીય પ્રાયોજિત (Sponsered) યોજના તરીકે લાગુ કરવામાં આવશે.

→ જો કે મિશન વાત્સલ્ય હેઠળ ભંડોળમાં પૂર્વોત્તરના આઠ રાજ્યો તેમજ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીર માટે કેન્દ્ર અને રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશોનો હિસ્સો 90 : 10 ગણાશે તથા વિધાન સભા વિના કેન્દ્રશાસિત પ્રદેશો (અંદમાન નિકોબાર દ્વીપસમૂહ, ચંદીગઢ, દાદરા નગર હવેલી અને દમણ અને દીવ, લક્ષ્યદ્વીપ અને લદાખ) ના સમગ્ર ખર્ચને કેન્દ્ર સરકાર આવરી લેશે.

→ આ નવી માર્ગદર્શિકા મુજબ મુખ્ય સચિવની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરે એક સમિતિ હશે જે યોજનાના અમલીકરણમાં દેખરેખ, સમીક્ષા અને સંકલનને પ્રોત્સાહન આપશે અને એક જિલ્લા સ્તરે પણ સમિતિ હશે.

→ મિશન વાત્સલ્ય યોજના નવી માર્ગદર્શિકા હેઠળ રાજ્યો અને જિલ્લાઓ સાથે ભાગીદારીમાં બાળકો માટે 24 × 7 ના ધોરણે હેલ્પલાઈન સેવાને કાર્યરત કરશે.

→ નવી માર્ગદર્શિકા મુજબ મિશન વાત્સલ્ય રાજ્ય દત્તક સંસાધન એજન્સીઓ (State Adoption Resource Agencies – SARA) ને સમર્થન આપશે, જેથી કેન્દ્રીય દત્તક સંશોધન સત્તા (Central Adoption Resource Authority – CARA) ને વધુ સહકાર મળશે.

→ SARA એ રાજ્યમાં બાળકોને દત્તક લેવા સહિત બિન–સંસ્થાકીય સંભાળ સંબંધિત કાર્યનું સંકલન અને દેખરેખ કરે છે.

→ નવી માર્ગદર્શિકા હેઠળ સંભાળની જરૂરિયાતવાળા બાળકો તેમજ ખાસ જરૂરિયાતવાળા બાળકો માટે લિંગ (ટ્રાન્સજેન્ડર બાળકો માટે અલગ ઘર) અને વયના આધારે અલગ ચિલ્ડ્રન હોમની સ્થાપના કરવામાં આવશે.

→ નવી માર્ગદર્શિકા મુજબ શારીરિક અથવા માનસિક વિકલાંગતાને લીધે બાળકો શાળામાં જઈ શકતા ન હોવાથી બાળ સંભાળ સંસ્થાઓ (Child Care Institution – CCI) વ્યવસાયિક ઉપચાર, સ્વીચ થેરાપી, મૌખિક ઉપચાર અને ઉપચારાત્મક વર્ગો આપવા માટે વિશેષ શિક્ષકો, ચિકિત્સકો અને નર્સો પ્રદાન કરવાની રહેશે.

→ નવી માર્ગદર્શિકા અનુસાર આ વિશેષ એકમોના સ્ટાફ (કર્મચારી)ને સાંકેતિક ભાષા, બ્રેઈલ (અંધ વ્યકિતઓ માટે લેખિત ભાષાનું એક સ્વરૂપ) વગેરેની જાણ હોવી જોઈએ.

**<u>મિશન વાત્સલ્ય યોજના વિશે...</u>**

→ વર્ષ 2009 પહેલા મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંરક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે ત્રણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી, જેમાં સંઘર્ષમાં રહેલા બાળકો માટે કિશોર ન્યાય કાર્યક્રમ, શેરી બાળકો માટે કાર્યક્રમ અને બાળ ગ્રહોને સહાય માટેની યોજનાનો સમાવેશ થાય છે.

→ વર્ષ 2010માં આ યોજનાઓને એકીકૃત બાળ સુરક્ષા યોજના (Integrated Child Protection Scheme – ICPS) હેઠળ એક યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

→ આ યોજનાનું નામ વર્ષ 2017માં બદલીને 'બાળ સુરક્ષા સેવાઓ યોજના' રાખવામાં આવ્યું તથા ફરીથી વર્ષ 2021-22માં નામ બદલીને મિશન વાત્સલ્ય કરવામાં આવ્યું છે.

Banking Academy

## ❖ ગ્રાહક બાબતોના વિભાગ (DOCA) દ્વારા 'જાગૃતિ' માસ્કોટ (યંત્ર) લોન્ચ.




→ તાજેતરમાં ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના ગ્રાહક બાબતોના વિભાગ (Department of Consumer Affairs – DOCA) દ્વારા ગ્રાહકોને સશક્તિકરણ અને તેમના અધિકારો અંગે વધુ જાગૃતિ લાવવા માટે 'જાગૃતિ' નામનો માસ્કોટ (યંત્ર) લોન્ચ કરવામાં આવ્યું છે.

→ જાગૃતિ માસ્કોટ એક સશક્ત ઉપભોક્તા તરીકે રજૂ કરવામાં આવશે, જે ઉપભોક્તાના અધિકારો વિશે જાગૃતિ ફેલાવશે અને ઉપભોક્તાઓની સમસ્યાઓના ઉકેલ કરવા માટે મદદ કરશે.

→ જાગૃતિ માસ્કોટ વિવિધ સરકારી પહેલ અંગે ઉપભોક્તાને જાગૃત કરવા મદદ કરશે જે નીચે મુજબ છે :
(1) ગ્રાહક સુરક્ષા અધિનિયમ 2019ની જોગવાઈઓ
(2) હોલમાર્કિંગ
(3) નેશનલ કન્ઝયુમર હેલ્પલાઈન (NCH) ટોલ ફ્રી નંબર 1915
(4) વજન અને માપ અધિનિયમની જોગવાઈઓ
(5) સેન્ટ્રલ કન્ઝયુમર પ્રોટેકશન ઓથોરિટી (CCPA) ના નિર્ણયો
(6) ફરિયાદ નિવારણ પર ગ્રાહક દ્વારા પ્રશંસા પત્રો

→ જાગૃતિ માસ્કોટ તેના તમામ મિડિયા અભિયાનોમાં 'જાગો ગ્રાહક જાગો' ટેગ લાઈન સાથે દર્શાવવામાં આવશે.

**ગ્રાહક અધિકાર દિવસ વિશે...**
→ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ દર વર્ષે 15મી માર્ચના રોજ ઉજવવામાં આવે છે.
→ રાષ્ટ્રીય ગ્રાહક દિવસ દર વર્ષે 24મી ડિસેમ્બરના રોજ ઉજવવામા આવે છે.

## ❖ મિશન શકિત માટે વિગતવાર માર્ગદર્શિકા જાહેર




→ તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 'મિશન શકિત' યોજના માટે વિગતવાર માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

→ ભારત સરકારે 15મા નાણા પંચના સમયગાળા 2021 - 2022 થી 2025 – 26 દરમિયાન અમલીકરણ માટે મહિલાઓની સુરક્ષા, સલામતી અને સશકિતકરણ માટે છત્ર યોજના તરીકે એક સંકલિત મહિલા સશકિતકરણ કાર્યક્રમ "મિશન શકિત" શરૂ કર્યું છે જેના ધારાધોરણો 1લી એપ્રિલ 2022થી લાગુ થઈ ગયા છે.

→ મિશન શકિત એ મિશન મોડમાં એક યોજના છે જેનો હેતુ મહિલા સુરક્ષા, સલામતી અને સશકિતકરણ માટે હસ્તક્ષેપને મજબૂત બનાવવાનો છે.

→ મિશન શકિતની બે પેટા યોજના સંબલ અને સમર્થ્ય છે. (૧) સંબલ – આ યોજના મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે છે અને આ પેટા યોજનાના ઘટકોમાં વૈકલ્પિક વિવાદને પ્રોત્સાહન આપવા અને સુવિધા આપવા માટે નારી અદાલતો – મહિલા સમૂહોના નવા ઘટક, વન સ્ટૉપ સેન્ટર (OSC), મહિલા હેલ્પલાઈન અને બેટી બચાવો બેટી પઢાવો (BBBP)ની યોજનાઓનો સમાવેશ થાય છે.

→ (૨) સમર્થ્ય – આ યોજનામાં મહિલા કર્મચારીઓના બાળકો માટે રાષ્ટ્રીય ક્રેચ યોજના અને સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) હેઠળ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (PMMVY) ની હાલની કાર્યરત યોજનાઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ❖ પ્લેટફોર્મ ઓફ પ્લેટફોર્મ (POP) લોન્ચ



→ તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે બેંગ્લુરુ (કર્ણાટક)માં રાજ્યના કૃષિ અને બગાયત મંત્રીઓની પરિષદની સમકક્ષ નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (e-NAM) હેઠળ પ્લેટફોર્મ ઓફ પ્લેટફોર્મ (POP) લોન્ચ કર્યું છે.

→ આ પ્લેટફોર્મ અંતર્ગત 1018 ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન (FPO) માટે રૂ. 37 કરોડથી વધુની ઈકિવટી અનુદાન (ગ્રાન્ટ) બહાર પાડવામાં આવી છે જેથી લગભગ 3.5 લાખ ખેડૂતોને લાભ થશે.

→ આ પ્લેટફોર્મ ખેડૂતોને તેમના રાજ્યની સરહદોથી બહાર ઉત્પાદન વેચવા માટે સુવિધા આપશે જેનાથી ખેડૂતોની બહુવિધ બજારો, ખરીદદારો અને સેવા પ્રદાતાઓ સુધી ડિજિટલ પહોંચમાં વધારો થશે.

→ આ સાથે વિવિધ મૂલ્ય શ્રૃંખલા સેવાઓ જેમ કે ટ્રેડિંગ, ગુણવત્તા તપાસ, વેરહાઉસિંગ, ફિનટેક, બજાર માહિતી અને પરિવહન વગેરેને POP હેઠળ આવરી લેવામાં આવી છે.

→ Platform of Platform એ ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવશે અને કૃષિ મૂલ્ય શ્રૃંખલામાં વિવિધ પ્રકારના માલસામાન અને સેવાઓને એકસેસ કરવા સક્ષમ બનાવશે.

→ આ પ્લેટફોર્મ સારી ગુણવત્તાના માલ અને સેવા પ્રદાતાની પસંદગી કરતી વખતે હિતધારકોનો સમય અને શ્રમ બચાવે છે.

**National Agriculture Market (e-NAM)**

→ નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ એ સમગ્ર ભારતનું ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ (વેપાર) પોર્ટલ છે જે કૃષિ કોમોડિટી (વસ્તુ) માટે એકીકૃત રાષ્ટ્રીય બજાર બનાવવા માટે હાલની APMC મંડીઓનું નેટવર્કિંગ કરે છે.

→ શરૂઆત : 14 એપ્રિલ, 2016

→ અમલીકરણ એજન્સી : સ્મોલ ફાર્મર્સ એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમ (SFAC)

→ મંત્રાલય : ભારત સરકારના કૃષિ અને ખેડૂત મંત્રાલય

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

### ❖ IIT મદ્રાસ દ્વારા કેન્સરને શોધવા માટે PIVOT નામનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની શોધ.

→ તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી મદ્રાસ (IIT મદ્રાસ)ના સંશોધકો દ્વારા 'PIVOT' નામનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારીત સાધન વિકસાવવામાં આવ્યું છે, જે કેન્સરને શોધવામાં મદદ કરશે.

→ PIVOT દર્દીઓમાં કેન્સર પેદા કરતા જનીનોની આગાહી કરવામાં સક્ષમ છે. તેમજ કેન્સરની સારવાર માટે વ્યૂહરચના ઘડવામાં મદદ કરશે.

### ❖ પ્રાકૃતિક કૃષિ સંમેલનનું આયોજન.



→ 10 જુલાઈ, 2022ના રોજ સુરત શહેરમાં પ્રાકૃતિ કૃષિ સંમેલન (Natural Farming Conclave)નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ મોડમાં કોન્કલેવને સંબોધિત કરી હતી.

→ આ સંમેલનમાં "સબકા પ્રયાસ" ને ભારતના વિકાસને વેગ આપવાનો આધાર માનવામાં આવ્યો.

→ આ સંમેલનમાં હજારો ખેડૂતો અને અન્ય હિતધારકોની ભાગીદારી જોવા મળી જેમણે સુરતમાં કુદરતી ખેતીને સફળતાપૂર્વક અપનાવી છે.

→ વડાપ્રધાન મોદીએ આ સંમેલનમાં કુદરતી ખેતી માટે સુરત મોડલ અપનાવવાનો આગ્રહ કરી હતી.

- **વિશેષ :**

→ માર્ચ 2022માં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં પંચાયત મંડળને સંબોધિત કર્યું હતું. જેમાં વડાપ્રધાને તેમના સંબોધન દરમિયાન દરેક ગામના ઓછામાં ઓછા 75 ખેડૂતોને કુદરતી ખેતી તરફ વળવા કહ્યું હતું.

→ સુરતમાં આ પહેલ હેઠળ દરેક ગ્રામપંચાયતમાં 75 ખેડૂતોની ઓળખ કરવામાં આવી હતી અને તેમને કુદરતી ખેતી કરવાની તાલીમ આપવામાં આવી છે.

**પ્રાકૃતિક કૃષિ / કુદરતી ખેતી**

→ પ્રાકૃતિક ખેતી એ પશુધન પર આધારિત પરંપરાગત સ્વદેશી કૃષિ પ્રથા છે. જેમાં કોઈપણ રાસાયણિક ખાતર, જંતુનાશક, સેન્દ્રીય ખાતર વગેરેનું ઉપયોગ કરવામાં આવતું નથી.

→ પ્રાકૃતિક ખેતી, ખેતી ખર્ચ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવે છે અને તે મોટાભાગે નાના અને સીમાંત ખેડૂતોને લાભ આપે છે.

→ આ પ્રાકૃતિક ખેતીમાં કૃત્રિમ રાસાયણિક ખાતરની જગ્યાએ ગાયના છાણ–મૂત્ર અને બાયોમાસ મલ્ચિંગનો ઉપયોગ કરવામાં આવે છે.

Banking Academy

## ❖ રાજનાથ સિંહે ડિફેન્સ એકઝીબીશનનું ઉદ્‌ઘાટન કર્યું.




→ તાજેતરમાં ભારત સરકારના રક્ષામંત્રી રાજનાથ સિંહે 11 જુલાઈ 2022ના રોજ સૌપ્રથમ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન ડિફેન્સ સિમ્પોઝિયમ એન્ડ એકઝીબીશન' (AIDeF)નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

→ નવી દિલ્હી ખાતે આ એકઝીબીશનનું આયોજન 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે સંરક્ષણ મંત્રાલય હેઠળના સંરક્ષણ ઉત્પાદન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ એકઝીબીશનનો ઉદ્દેશ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાનું છે.

→ આ એકઝીબીશન દરમિયાન સંરક્ષણ ઉત્પાદન વિભાગ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારીત હથિયારો (Wapons) ને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ હથિયારો સંશોધન સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ દ્વારા વિકસાવવામાં આવ્યા છે.

→ આ ઈવેન્ટ દરમિયાન સંરક્ષણ પેનલ દ્વારા નીચેના ખાસ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી જેમા વિદ્યાર્થીઓ અને સંશોધન સંસ્થાઓએ ચર્ચામાં સક્રિયપણે ભાગ લીધો હતો.

(1) "GenNext AI Solutions"
(2) "AI in Defence Industry Perspective"
(3) "Deplaying AI in Defence"

## ❖ ભારત દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. 13000 કરોડનો સંરક્ષણ નિકાસ.

→ તાજેતરમાં વર્ષ 2021-22 માટે ભારતનો સંરક્ષણ નિકાસ 13,000 કરોડ રૂપિયા હતો. જે અત્યાર સુધીનો સૌથી વધુ છે. જેમાં દક્ષિણપૂર્વ એશિયા, પશ્ચિમ એશિયા અને આફ્રિકાના રાષ્ટ્રો ઉપરાંત અમેરિકા મુખ્ય ખરીદદાર હતું.

→ સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાના સરકારના અભિયાનનો મુખ્ય આધાર સંરક્ષણ નિકાસ છે. ભારતીય સંરક્ષણ કંપનીઓ ઈટાલી, માલદિવ્સ, શ્રીલંકા, ઈઝરાયેલ, ઈજિપ્ત, સંયુકત આરબ અમીરાત, ભૂટાન, ઈથોપિયા, સાઉદી અરેબિયા, ફિલિપાઈન્સ, પોલેન્ડ અને અમેરિકા જેવા દેશોને શસ્ત્રો અને સાધનો સપ્લાય કર્યા છે.

**Stockholm International Peace Research Institute (SIPRI) વિશે...**

→ સ્થાપના : 6 મે 1966
→ વડુમથક : સોલના (સ્વીડન)
→ અધ્યક્ષ : સ્ટેફન લોફવેન

→ આ અગાઉ સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (SIPRI) એ 2015-2019 માટે મુખ્ય શસ્ત્ર નિકાસકારોની યાદીમાં ભારતને 23મું સ્થાન આપ્યું છે અને SIPRI એ જણાવ્યું કે ભારત હજુ પણ વૈશ્વિક શસ્ત્રોના માત્ર 0.17% નિકાસ કરે છે.

## ❖ ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત લિથિયમ–આયન સેલ




→ તાજેતરમાં ઓલા ઈલેકિટ્રકે NMC 2170 તરીકે ઓળખાતા ભારતના પ્રથમ સ્વદેશી રીતે વિકસિત લિથિયમ–આયન સેલ રજૂ કર્યો છે.

→ NMC 2170 ઈન–હાઉસ બનાવવામાં આવ્યું છે. આ સેલનું મોટા પાયે ઉત્પાદન 2023 સુધીમાં તેની આગામી ગીગા ફેકટરીમાં શરૂ થશે.

→ NMC 2170 એ ઉચ્ચ નિકલ સિલિન્ડ્રિકલ ઓલા સેલ છે.

→ NMC 2170 કેથોડ બાજુ પર નિકલ–મેંગેનીઝ–કોબાલ્ટ (NMC) અને એનોડ બાજુ પર ગ્રેફાઈટ અને સિલિકોનનો ઉપયોગ થયો છે.

→ માર્ચ 2022માં ઓલા ઈલેકિટ્રકે ઈઝરાયેલની બેટરી ટેકનોલોજી કંપની સ્ટોરડોટમાં રોકાણ કર્યું હતું, જે એકસ્ટ્રીમ ફાસ્ટ ચાર્જિંગ (XFC) ટેકનોલોજી ધરાવતી બેટરીઓ બનાવે છે. StoreDotની XFC બેટરી 5 મિનિટમાં 0 થી 100% સુધી બેટરી ચાર્જ કરી શકે છે.

→ ઓલા ઈલેકિટ્રકનો હેતુ સ્વદેશી અદ્યતન સેલ ટેકનોલોજી બનાવવા, એકીકૃત ઓલા ઈલેકિટ્રક હબ બનાવવા અને મેન્યુફેકચરિંગ ક્ષમતાઓને મજબૂત કરવા માટે R&Dમાં રોકાણ કરવાનો છે.

→ ઓલા ઈલેકિટ્રક એ ઈલેકિટ્રક વાહન કંપની છે, જેનું નેતૃત્વ ભાવિશ અગ્રવાલ કરે છે.

## ❖ ભારતની પ્રથમ સ્થાનિક રીતે બનાવેલી qHPV રસીને DCGI દ્વારા મંજૂરી.

→ ભારતના DCGI – ડ્રગસ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા સર્વાઈકલ કેન્સર માટે ભારતની પ્રથમ કવાડ્રીવેલેન્ટ હ્યુમન પેપિલોમાવાયરસ રસી (qHPV) ને મંજૂરી આપવામાં આવી છે.

→ આ રસીનું ઉત્પાદન સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે.

→ ભારતમાં પ્રથમ વખત સસ્તી અને વ્યાપકપણે ઉપલબ્ધ qHPV રસીકરણ સ્ત્રી દર્દીઓમાં સર્વાઈકલ કેન્સરની સારવાર માટે ઉપલબ્ધ થશે.

→ વર્ષ 2022ના અંતમાં સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા તેને લોન્ચ કરશે.

→ રસી માટેના કિલનિકલ ટ્રાયલ પરિણામોના મૂલ્યાંકન બાદ, નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન (NTAGI) એ qHPVને મંજૂરી આપી.

## ❖ સુરક્ષિત અને ટકાઉ અવકાશ પર્યાવરણ માટે IS4OM સીસ્ટમ

→ સુરક્ષિત અને ટકાઉ અવકાશ પર્યાવરણ માટે IS4OM – (ISRO સિસ્ટમ ફોર સેફ એન્ડ સસ્ટેનેબલ ઓપરેશન)નું ઉદ્ઘાટન બેંગ્લુરુમાં ISROના કંટ્રોલ સેન્ટર ખાતે કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

→ ISROએ જણાવ્યું હતું કે આ સુવિધા ભારતીય અવકાશ અસ્કયામતોની સુરક્ષા માટે, ચોક્કસ અથડામણ ટાળવા અવકાશીય પદાર્થોની અથડામણના જોખમોને ઘટાડવા ઉપયોગી થશે.

→ કંટ્રોલ સેન્ટર SSAM - સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ એન્ડ મેનેજમેન્ટ દ્વારા અવકાશમાં વધતા જતા કાટમાળ અને ઓપરેશનલ સ્પેસ એસેટ્સને ધ્યાનમાં રાખીને સઘન પ્રવૃત્તિઓને સરળ બનાવશે.

→ આ કંટ્રોલ સેન્ટર નિષ્ક્રિય ઉપગ્રહો, પરિભ્રમણ કરતી વસ્તુઓના ટુકડાઓ અને પ્રતિકૂળ અવકાશ હવામાન પરિસ્થિતિઓથી ભારતીય અવકાશ સંપત્તિના રક્ષણને લગતી શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કરશે.

→ રાષ્ટ્રીય વિકાસ માટે અવકાશ પર્યાવરણની સલામતી અને ટકાઉપણાની ખાતરી કરવા ISRO IS4OM સિસ્ટમને વ્યાપક દ્દષ્ટિકોણ સાથે વિકસાવી રહ્યું છે.

## ❖ દિલ્હી ખાતે હરિયાળી મહોત્સવનું આયોજન

→ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા જુલાઈ, 2022ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હરિયાળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

→ વર્તમાન પેઢીના જીવન ટકાવી રાખવા તેમજ આવનારી પેઢીના જીવનને સુરક્ષિત રાખવા માટે વૃક્ષોના મહત્વ અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

→ આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરોનો સામનો કરવા માટે વૃક્ષો નોંધપાત્ર છે.

→ હરિયાળી મહોત્સવ એ જંગલોના સંરક્ષણ અને વૃક્ષારોપણ માટે લોકોમાં ઉત્સાહ જગાવવાનું એક અસરકારક પગલું છે.

→ આ ઈવેન્ટ પર્યાવરણ સંરક્ષણ માટે સરકારની આગેવાની હેઠળની પહેલો અને નીતિઓને પૂરક બનાવે છે.

## ❖ ચેન્નાઈમાં ભારતની પ્રથમ પ્રાઈવેટ રોકેટ એન્જિન ફેકટરીની સ્થાપના.




→ અગ્નિકુલ કોસમોસ કંપનીએ ચેન્નાઈમાં રોકેટના એન્જિન (3D – પ્રિન્ટેડ) બનાવવા માટે ભારતની પ્રથમ ફેકટરીનું ઉદ્ઘાટન કર્યું હતું.

→ આ ઉદ્ઘાટન ઈસરો (ISRO)ના અધ્યક્ષ સોમનાથન અને ટાટા સન્સના ચેરમેન એન.ચંદ્રશેખરના હસ્તે કરવામાં આવ્યું.

→ રોકેટના 3D પ્રિન્ટેડ એન્જિન બનાવવા માટે અથવા એન્જિન ઉત્પાદન માટે અલગ અલગ મેન્યુફેકચરિંગ ટેકનોલોજી ઉપલબ્ધ છે પરંતુ અગ્નિકુલ કોસમોસ કંપની 'એડેટિવ મેન્યુફેકચરિંગ ટેકનોલોજી'નો ઉપયોગ કરશે.

- **<u>અગ્નિકુલ કોસમોસ વિશે :</u>**

→ અગ્નિકુલની સ્થાપના વર્ષ 2017માં શ્રીનાથ રવિચંદ્રન, મોઈન એસપીએમ અને એસ.આર.ચક્રવર્તી દ્વારા કરવામાં આવી હતી.

→ ડિસેમ્બર 2020માં અગ્નિકુલ કંપનીએ 'IN-SPACE' પહેલ હેઠળ ISRO (Indian Space Research Organisation) સાથે સ્પેસ એજન્સીની કુશળતા અને રોકેટ એન્જિન બનાવવા માટેની સુવિધાઓની એકસેસ મેળવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

## ❖ INS સિંધુધ્વજ સેવામાંથી નિવૃત્તિ.

→ 16 જુલાઈ 2022 ના રોજ, INS સિંધુધ્વજને 35 વર્ષ સુધી સેવા પૂરી પાડયા બાદ ભારતીય નૌકાદળમાંથી નિવૃત્ત કરવામાં આવી.


- **<u>INS સિંધુધ્વજ વિશે :</u>**

→ સિંધુધ્વજનો અર્થ થાય છે 'સમુદ્રમાં ધ્વજ ધારક'. આ જહાજ 1987થી સેવામાં હતું.

→ આ જહાજ નૌકાદળમાં તેની સમગ્ર સેવા દરમિયાન સિંધુઘોષ વર્ગની સબમરીનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે ભારતીય નૌકાદળના પ્રયાસો તેમજ સ્વદેશીકરણનો ધ્વજવાહક હતો.

Banking Academy

→ આ જહાજ સ્વદેશીકૃત સોનાર ઉશુષ USHUS, ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ અને સ્વદેશી ટોરપિડો ફાયર કંટ્રોલ સિસ્ટમ તેમજ સ્વદેશીકૃત સેટેલાઈટ કોમ્યુનિકેશન અને સિસ્ટમ્સ રૂકમણીનું સંચાલન કરનાર પ્રથમ જહાજ હતું.



## રમત-જગત, નિમણૂંક વ્યક્તિ, પુસ્તક, નિધન

### ❖ યાયર લેપિડ ઈઝરાયેલના નવા વડાપ્રધાનની નિમણૂક.

→ તાજેતરમાં યશ એટીડ (Yesh Atid) પાર્ટીના નેતા યાયર લેપિડ (Yair Lapid) નફતાલી બેનેટને બદલીને સત્તાવાર રીતે ઈઝરાયેલના નવા 14મા વડાપ્રધાન બન્યા છે.

→ ઈઝરાયેલના નવા વડાપ્રધાનનો કાર્યકાળ ટૂંકો હોઈ શકે છે કારણકે તેમણે ઈઝરાયેલની 1 નવેમ્બરે યોજાનારી ચૂંટણી પહેલા રખેવાળ (Care Taker) સરકાર સંભાળી છે.



→ યાયર લેપિડ ઈઝરાયેલી રાજકારણી અને ભૂતપૂર્વ પત્રકાર છે.

→ રાજકારણમાં પ્રવેશતા પહેલા યાયર લેપિડ લેખક, ટીવી પ્રસ્તુતકર્તા અને સામાચાર એન્કર હતા.

**ઈઝરાયેલ વિશે...**

→ રાજધાની – જેરૂસલેમ (Jerusalem)
→ ચલણ – ન્યૂ શેકલ (New Shekel)
→ રાષ્ટ્રપતિ – આઈઝેક હરઝોગ (Issac Herzog)
→ ભાષા – હિબ્રુ (Hebrew)
→ સંસદનું નામ – ધ નેસેટ

### ❖ "Wall of Former Chief Economists" ફ્રેમમાં ગીતા ગોપીનાથનો સમાવેશ.

→ તાજેતરમાં 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' (IMF) સંસ્થાએ ભારતીય મૂળના ગીતા ગોપીનાથને "Wall of Former Chief Economists" ફ્રેમમાં સમાવેશ કર્યા છે. આ સન્માન મેળવનારી તે વિશ્વની પ્રથમ મહિલા અને બીજી ભારતીય છે.




→ આ ફ્રેમમાં સમાવેશ થનાર પ્રથમ ભારતીય રઘુરામ રાજન છે. તેમને વર્ષ 2003થી 2006 દરમિયાન IMFના મુખ્ય અર્થશાસ્ત્રી (Chief Economist) અને સંશોધન નિયામક તરીકે સેવા આપી હતી.

→ ગીતા ગોપીનાથને ઓક્ટોબર 2018માં IMFના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમને ડિસેમ્બર 2021માં IMF ના પ્રથમ નાયબ મેનેજિંગ ડિરેક્ટર (IMF's First Deputy Managing Director) નિયુક્ત કરવામાં આવ્યા છે.

→ ગીતા ગોપીનાથ IMF ના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે 3 વર્ષ સુધી (2018-2021) સેવા આપનાર પણ પ્રથમ મહિલા છે.

→ IMF ના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકેની નિમણૂક પહેલા ગીતા ગોપીનાથ અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે કાર્ય કરતા હતા.

**International Monetary Fund (IMF) વિશે :**

→ સ્થાપના : 27 ડિસેમ્બર, 1946
→ વડુમથક : વોશિંગ્ટન ડિ.સી.
→ મેનેજિંગ ડિરેક્ટર : ક્રિસ્ટાલિના જ્યોર્જિએવા
→ ચીફ ઈકોનોમિસ્ટ : પિયર – ઓલિવિયર ગૌરીયા
→ પ્રથમ ડેપ્યૂટી મેનેજિંગ ડિરેક્ટર : ગીતા ગોપીનાથ
→ સભ્ય દેશ : 190
→ મુખ્ય કાર્ય : વૈશ્વિક નાણાકીય સહકારને પ્રોત્સાહન આપવા, નાણાકીય સ્થિરતા સુરક્ષિત કરવા, આંતરરાષ્ટ્રીય વેપારને સરળ બનાવવા, ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવા માટે કામ કરે છે.

Banking Academy

## ❖ જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેનું નિધન.



→ જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેની 8 જુલાઈ 2022 ના રોજ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

→ જાપાનના નારા શહેરમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે શિન્ઝો આબેને હુમલાખોરે ગોળી મારી હતી.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે અને 9 જુલાઈ, 2022ના રોજ રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી હતી.

→ શિન્ઝો આબે જાપાનના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર વડાપ્રધાન હતા. તેમણે વર્ષ 2006–2007 અને વર્ષ 2012–2020 સુધી સેવા આપી હતી.

→ ભારતના પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેનારા તેઓ પ્રથમ જાપાની વડાપ્રધાન હતા. તેમના કાર્યકાળ દરમિયાન ભારત અને જાપાનના સંબંધો ખૂબ જ મજબૂત બન્યા હતા.

**<u>જાપાન વિશે..</u>**

| | | |
|---|---|---|
| → રાજધાની | – | ટોકયો |
| → ચલણ | – | યેન |
| → ભાષા | – | જાપાનીઝ |
| → સંસદ | – | નેશનલ ડાઈટ |

## ❖ ફિલિપાઈન્સના નવા રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર

→ તાજેતરમાં ફર્ડિનાન્ડ માર્કોસ સિનિયરના પુત્ર ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે 31.6 મિલિયન મત સાથે ચૂંટણી જીતી લીધી છે અને ફિલિપાઈન્સના 17માં રાષ્ટ્રપતિ તરીકે મનીલા (ફિલિપાઈન્સની રાજધાની)ના નેશનલ મ્યુઝિયમ ઓફ ફાઈન આર્ટસમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એલેકઝાન્ડર ગેસમન્ડો સમક્ષ શપથ લીધા.

**<u>ફિલિપાઈન્સ વિશે..</u>**

| | | |
|---|---|---|
| → રાજધાની | – | મનીલા |
| → ચલણ | – | ફિલિપાઈન્સ પેસો |
| → ભાષા | – | Tag10g, Filipino, English |
| → સંસદ | – | નેશનલ એસેમ્બલી |

## ❖ આર.કે.ગુપ્તાની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક



→ ભારત સરકારના પર્સોનેલ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ વરિષ્ઠ અધિકારી આર.કે.ગુપ્તાને ચૂંટણી કમિશનર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

→ આર.કે.ગુપ્તાએ ચૂંટણી કમિશનર તરીકે ટી.શ્રીકાંતની જગ્યા લીધી છે.

→ ભારતીય બંધારણ મુજબ ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને બે અન્ય ચૂંટણી કમિશનર હોય છે.

→ હાલમાં એક અન્ય ચૂંટણી કમિશનરનું પદ ખાલી છે.

- **<u>ચૂંટણીપંચના અન્ય મહત્વના વ્યક્તિ :</u>**

(1) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર : રાજીવકુમાર

(2) ભારતના ચૂંટણી કમિશનર : અનુપચંદ્ર પાંડે

## ❖ મુસ્તાફિઝુર રહેમાનને ભારતમાં બાંગ્લાદેશના હાઈ કમિશનર તરીકે નિયુકત કરવામાં આવ્યા.



→ બાંગ્લાદેશ સરકારે મુસ્તાફિઝુર રહેમાનને ભારતમાં બાંગ્લાદેશના આગામી હાઈ કમિશનર તરીકે નિયુકત કર્યા છે. તેઓ નવા હાઈ કમિશનર તરીકે મુહમ્મદ ઈમરાનનું સ્થાન લેશે.

→ મુસ્તાફિઝુર રહેમાન હાલમાં જિનીવામાં સંયુકત રાષ્ટ્ર કાર્યાલયમાં બાંગ્લાદેશના કાયમી પ્રતિનિધિ અને સ્વિટ્ઝર્લેન્ડમાં રાજદૂત તરીકે સેવા આપી રહ્યા છે.

## ❖ સામાજિક કાર્યકર અવધેશ કૌશલનું નિધન.

→ તાજેતરમાં જાણીતા સામાજિક કાર્યકર અવધેશ કૌશલનું નિધન થયું છે, તેમને વર્ષ 1986માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

→ અવધેશ કૌશલ દ્વારા Rural Litigation and Entitlement Kendra – ગ્રામીણ દાવા અને હકદારી કેન્દ્ર (દેહરાદૂન, ઉત્તરાખંડ સ્થિત) નામના NGOની સ્થાપના કરી હતી.

→ તેઓ માનવ અધિકરો સામેની લડાઈ અને પર્યાવરણના સંરક્ષણ માટે જાણીતા હતા. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની નજીક હતા.

→ વર્ષ 2003માં અવધેશ કૌશલને સંયુકત રાષ્ટ્ર દ્વારા જીનીવામાં માહિતી અને સંચાર તકનીકની વિશ્વ સમિટમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.

→ અવધેશ કૌશલને દેશમાં ગૃહયુદ્ધ પછી શ્રીલંકામાં યુદ્ધ અપરાધો અને ગુમ થયાની તપાસ માટે આંતરરાષ્ટ્રીય સમિતિના સભ્ય તરીકે પણ નામાંકિત કરવામાં આવ્યા હતા.

## ❖ 94 વર્ષીય ભગવાની દેવીએ ફિનલેન્ડમાં 100 મીટરની સ્પ્રિન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.

→ ફિનલેન્ડના ટેમ્પેરે ખાતે સ્પ્રિન્ટર દાદી તરીકે લોકપ્રિય થયેલ 94 વર્ષીય ભારતીય દોડવીર ભગવાની દેવી ડાગરે વર્લ્ડ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં 100 મીટરની સ્પ્રિન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.

Banking Academy

→ ભગવાની દેવીએ 100 મીટર સ્પ્રિન્ટમાં 24.74 સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો અને શોટ–પુટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

→ 35 વર્ષ અને તેથી વધુ ઉંમરના સ્પર્ધકો માટે વર્લ્ડ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ એ ટ્રેક અને ફિલ્ડની રમતમાં આયોજિત સ્પર્ધા છે.

→ ભગવાની દેવી મૂળ હરિયાણાના છે.

## ❖ ભારતીય ઈન્ટરનેટના પિતા બ્રિજેન્દ્ર કુમાર સિંગલનું નિધન.




→ ભારતીય ઈન્ટરનેટના પિતા તરીકે ઓળખાતા તેમજ વિદેશ સંચાર નિગમ લિમિટેડ (VSNL) ના ભૂતપૂર્વ ચેરમેન બ્રિજેન્દ્ર કુમાર સિંગલનું 82 વર્ષની ઉંમરે, લાંબાગાળાની માંદગી બાદ નિધન થયું છે.

→ બ્રિજેન્દ્ર સિંગલ તેમના વિચારો અને નીડરતા માટે જાણીતા હતા. વર્ષ 1998માં VSNLને કારોબારમાં ટોચ પર પહોંચાડવામાં તેમનો મહત્વનો ફાળો હતો.

- **<u>બ્રિજેન્દ્ર કુમાર સિંગલ વિશે :</u>**

→ બ્રિજેન્દ્ર કુમાર સિંગલનો જન્મ 1940માં હરિયાણાના અંબાલા ખાતે થયો હતો. તેમણે IIT ખડગપુરમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનીયરીંગનો અભ્યાસ કર્યો હતો.

## ❖ ભારતીય બેડમિન્ટન સ્ટાર ખેલાડી પી.વી.સિંધુએ સિંગાપોર ઓપન ટાઈટલ જીત્યું.




→ 17 જુલાઈ, 2022ના રોજ પી.વી.સિંધુએ ચીનની એશિયન ચેમ્પિયન વાંગ ઝી ચીને હરાવીને સિંગાપોર ઓપન ટાઈટલ જીતી લીધું છે.

→ પી.વી.સિંધુએ સિંગાપોર ઓપનની ફાઈનલમાં વાંગ ઝી ચીને 21-9, 11-21, 21-15 થી હરાવીને ટાઈટલ મેળવ્યું હતું.

- **<u>સિંગાપોર ઓપન વિશે :</u>**

→ સિંગાપોર ઓપન બેડમિન્ટન ઈવેન્ટ દર વર્ષે સિંગાપોરમાં વર્ષ 1929 થી યોજાઈ રહી છે.

→ આ ટુર્નામેન્ટનું આયોજન સિંગાપોર બેડમિન્ટન એસોસિએશન દ્વારા કરવામાં આવે છે.

## ❖ ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રિકલ્ચરલ ડેવલપમેન્ટના અધ્યક્ષ તરીકે અલ્વારો લારીયોની પસંદગી.

→ તાજેતરમાં IFAD (International Fund for Agricultural Development)ની ગવર્નિંગ કાઉન્સિલે સ્પેનના અલ્વારો લારિયોને નવા અધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે, તેમને ગિલ્બર્ટ હોંગબોનું સ્થાન લીધું છે.

**<u>International Fund for Agricultural Development</u>**

→ સ્થાપના : ડિસેમ્બર, 1977

→ વડુમથક : રોમ (ઈટલી)

→ સદસ્ય : 177 દેશ

→ અધ્યક્ષ : અલ્વારો લારિયો

→ આ એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા અને સંયુકત રાષ્ટ્રની વિશિષ્ટ એજન્સી છે જે વિકાસશીલ દેશોના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી અને ભૂખમરાનો સામનો કરવા માટે કામ કરે છે.


Alvaro lario has been appointed as the new chairman of the International Fund for Agricultural Development

## ❖ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ 2022




→ તાજેતરમાં 27 જૂન થી 10 જુલાઈ 2022 દરમિયાન ઈંગ્લેન્ડના વિમ્બલ્ડન ખાતે 135મી વિમ્બલ્ડન ચેમ્પિયનશીપનું આયોજન થયું હતું.

→ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ 2022માં ઓસ્ટ્રેલિયાના 'નિક કિર્ગિયોસ'ને પરાજય આપીને સાર્બિયાના નોવાક જોકોવિચે 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.

→ નોવાક જોકોવિચની કારકિર્દીનું આ 21મું ગ્રાન્ડ સ્લેમ અને 7મું વિમ્બલ્ડન ટાઈટલ હતું.

→ 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં ટ્યુનિશિયાની ઓન્સ જબેઉરને પરાજય આપીને કઝાકિસ્તાનની એલિના રિબાકિનાએ ટાઈટલ જીતી લીધું છે.

- **વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ વિશે...**

→ વિમ્બલ્ડન એ વિશ્વની સૌથી જૂની અને સૌથી વધુ પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટ છે. ઈ.સ. 1877થી ઈંગ્લેન્ડના વિમ્બલ્ડનમાં ઓલ ઈંગ્લેન્ડ કલ્બ ખાતે આ ટુર્નામેન્ટ યોજાય છે. આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટ (ઘાસના મેદાન) પર રમાય છે.

- **વિમ્બલ્ડન 2022 વિજેતા :**

| ક્રમ | ટાઈટલ | વિજેતા | ઉપવિજેતા |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | નોવાક જોકોવિચ (સર્બિયા) | નિક કિર્ગિયોસ (ઓસ્ટ્રેલિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | એલિના રિબાકિના (કઝાકિસ્તાન) | ઓન્સ જબેઉર (ટ્યુનિશિયા) |
| 3 | મેન્સ ડબલ્સ | એમ. એબ્ડેન (ઓસ્ટ્રેલિયા) | એન. મેકિટે (ક્રોએશિયા) |
| | | એમ. પર્સસેલ (ઓસ્ટ્રેલિયા) | એમ. પાવિક (ક્રોએશિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | કે. સિનિયાકોવસ (ચેક) | એસ. ઝાંગ (ચીન) |
| | | બી. ક્રેજિકોવસ (ચેક) | ઈ. મેર્ટનસ (બેલ્જિયમ) |
| 5 | મિકસ્ડ્ ડબલ્સ | ડી. ક્રાજિક (અમેરિકા) | એમ. એબેડન (ઓસ્ટ્રેલિયા) |
| | | એન. સ્કૂપ્સ્કી (બ્રિટન) | એસ. સ્ટોસુર (ઓસ્ટ્રેલિયા) |

- **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ :**

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યા યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડ કોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે / જૂન | પેરિસ | 1891 | કલે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન / જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ / સપ્ટેમ્બર | ન્યૂયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |

## ❖ નેશનલ સ્ટોક એકસચેન્જ (NSE) ના નવા CEO અને MD તરીકે આશિષ કુમાર ચૌહાનની પસંદગી.

→ તાજેતરમાં સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા NSE ના CEO અને MD તરીકે આશિષ કુમાર ચૌહાનની પસંદગી કરવામાં આવી છે. તેમને વિક્રમ લિમેટોનું સ્થાન લીધું છે.

→ આ પદ ધારણ કર્યા પહેલા આશિષ કુમાર ચૌહાણ બોમ્બે સ્ટોક એકસચેન્જ (BSE)ના MD અને CEO હતા.

**National Stock Exchange (NSE) વિશે...**

→ સ્થાપના : 1992

→ વડુમથક : મુંબઈ

→ અધ્યક્ષ : આશિષકુમાર ચૌહાણ

→ NSE એ ભારતમાં અગ્રણી સ્ટોક એકસચેન્જ છે. વર્ષ 2021માં તે ટ્રેડેડ કોન્ટ્રાકટની સંખ્યાના સંદર્ભમાં વિશ્વનું સૌથી મોટું ડેરિવેટિવ એકસચેન્જ બન્યું હતું.

→ રોકડ ઈકિવટીના સંદર્ભમાં NSE ચોથા સ્થાને છે.

# ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) - 2022

## નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારી

Govt. Jobs

કુલ જગ્યાઓ **80**

**Education Qualification :** કોઈપણ ગ્રેજ્યુએટ

**: Age Limit :** 20 થી 36 વર્ષ

- સામાન્ય કેટેગરી મહિલાઃ (+5 વર્ષ)
- અનામત કેટેગરી પુરુષો(SC/ST/OBC/EWS વગેરે): (+5 વર્ષ)
- અનામત કેટેગરી મહિલા(SC/ST/OBC/EWS વગેરે): (+10 વર્ષ)

**Online Form : -** 15-July-2022 To 30-July-2022

**Exam Date**

| પ્રાથમિક પરીક્ષા | મુખ્ય પરીક્ષા |
|---|---|
| 16/10/2022 | Dec - 2022 |

### ભાગ - 1 : પ્રાથમિક પરીક્ષા (હેતુલક્ષી)

અભ્યાસક્રમ

● સામાન્ય જ્ઞાન — ગુણ : 200 — સમય : 2 કલાક

| | | |
|---|---|---|
| 1. ગુજરાત અને ભારતની ભુગોળ | 4. ભારતનું બંધારણ અને રાજ્યવ્યવસ્થા | 7. સામાન્ય બૌધિકક્ષમતા |
| 2. ગુજરાત અને ભારતનો ઈતિહાસ | 5. ભારતીય અર્થતંત્ર અને આયોજન | 8. અંકગણિત |
| 3. ગુજરાત અને ભારતનો સાંસ્કૃતિક વારસો | 6. વિજ્ઞાન અને ટેકનોલોજી | 9. વર્તમાન પ્રવાહો |

### ભાગ - 2 મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક)

| પેપર | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી (સ્નાતક કક્ષા) | ૧૦૦ | ૩ કલાક |
| ૨ | અંગ્રેજી (ઈન્ટરમીડિયેટ કક્ષા) | ૧૦૦ | ૩ કલાક |
| ૩ | સામાન્ય અભ્યાસ - 1 | ૧૦૦ | ૩ કલાક |
| ૪ | સામાન્ય અભ્યાસ - 2 | ૧૦૦ | ૩ કલાક |

ADMISSION OPEN

નવા વર્ગો ટૂંક સમય માં શરૂ...

For Latest Vacancies & Updates Kindly visit @ **www.bankingacademy.co.in**

OUR CENTER

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**Surat** (Head Office) Ph. : 96629 00564

**Varachha** (Surat) Ph. : 70464 16555

**Vyara** Ph. : 90998 64658

**Navsari** Ph. : 70466 41555

Join our Telegram Channel @bankingacademy

Follow us on

## એવોર્ડ, પુરસ્કાર

### ❖ રાષ્ટ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) એવોર્ડ 2022 જાહેર.

→ તાજેતરમાં ભારત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) મંત્રાલય દ્વારા MSME ક્ષેત્રના પ્રમોશન અને વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને રાષ્ટ્રીય MSME એવોર્ડ 2022ની જાહેરાત કરવામાં આવી છે.

→ નેશનલ MSME એવોર્ડની શરૂઆત વર્ષ 1983માં કરવામાં આવી હતી.

**(A) MSME (Micro, Small & Medium Enterprises) ક્ષેત્રના પ્રમોશન અને વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો**

| | રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ | પુરસ્કાર |
|---|---|---|
| (1) | ઓડિશા – ઓડિશા સરકારના MSME વિભાગ | પ્રથમ |
| (2) | બિહાર – બિહાર સરકારના ઉદ્યોગ વિભાગ | દ્વિતીય |
| (3) | હરિયાણા – હરિયાણા સરકારના MSME વિભાગ | તૃતીય |




**(B) મહત્વાકાંક્ષી જિલ્લાઓ – Aspiration Districs**

| | એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ | પુરસ્કાર |
|---|---|---|
| (1) | વિરુદ્ધનગર (તમિલનાડુ) | પ્રથમ |
| (2) | કરૌલી (રાજસ્થાન) | દ્વિતીય |
| (3) | કાલાહાંડી (ઓડિશા) | તૃતીય |

**(C) ક્ષેત્રના પ્રમોશન અને વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે બેંકો**

| | બેંકો | પુરસ્કાર |
|---|---|---|
| (1) | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) | પ્રથમ |
| (2) | બેકં ઓફ મહારાષ્ટ્ર (BOM) | દ્વિતીય |
| (3) | પંજાબ નેશનલ બેંક (PNB) | તૃતીય |

## મહત્વના દિવસો

### ❖ 22મો રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ (National Fish Farmers Day)

→ ભારતમાં દર વર્ષે 10 જુલાઈના રોજ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ મનાવવામાં આવે છે.

→ આ વર્ષે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી પશુપાલન, ડેરી અને મત્સ્ય ઉદ્યોગ મંત્રાલય દ્વારા હૈદરાબાદ ખાતે કરવામાં આવી હતી.

→ વૈજ્ઞાનિક ડૉ.કે.એચ.અલીકુન્હી અને ડૉ.એચ.એલ. ચૌધરીની યાદમાં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવે છે.

→ વર્ષ 2001 થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.




### ❖ વિશ્વ વસતી દિવસ (World Population Day)

- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (United Nation Development Program – UNDP) દ્વારા વિશ્વ વસતી દિવસ દર વર્ષે 11 જુલાઈના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસ વૈશ્વિક વસતી મુદ્દાઓ પર જાગૃતિ લાવવાનો પ્રયાસ કરે છે.

→ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા 1989માં "વિશ્વ વસતી દિવસ" ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. 11 જુલાઈ, 1987 ના રોજ વૈશ્વિક વસતી 5 બિલિયનના આંક પર પહોંચ્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.



- **<u>વિશ્વ વસતી દિવસ 2022ની થીમ :</u>**

→ "A World of 8 Billion : Towards a resilient Future for all – Harnessing Opportunities and ensuring rights and choices for all"

## ❖ 12 જુલાઈ : મલાલા દિવસ




→ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2013માં મલાલા યુસુફઝાઈના 16મા જન્મદિવસ 12 જુલાઈને 'મલાલા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. 12 જુલાઈ, 2013ના રોજ મલાલા યુસુફઝાઈએ સંયુક્ત રાષ્ટ્ર (UN)માં સૌપ્રથમવાર વિશ્વના બાળકોના શિક્ષણ માટે મહત્વનું ભાષણ આપ્યું હતું.

→ મલાલાનો જન્મ 12 જુલાઈ, 1997ના રોજ પાકિસ્તાનના મિંગારો ખાતે થયો હતો. મલાલાએ છોકરીઓના શિક્ષણ માટે વિશેષ ઝુંબેશ ચલાવી હતી.

→ આ માટે તેમણે 10 ઓક્ટોબર 2014ના રોજ 17 વર્ષની નાની ઉંમરે વિશ્વ શાંતિ માટે નોબેલ પ્રાઈઝ મળ્યો હતો.

## ❖ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ




→ દર વર્ષે 15 જુલાઈના રોજ 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

→ આ દિવસની ઉજવણી UNESCO અને UNEVOC દ્વારા કરાય છે.

→ UNEVOC : International Centre for Technical and Vocational Education and Training.

→ તે યુનેસ્કોની એક સંસ્થા છે. જે શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત છે. તેનું વડુમથક બર્ન (જમર્ની) ખાતે આવેલ છે.

→ આ દિવસની સૌપ્રથમ ઉજવણી UNESCO અને UNEVOC દ્વારા 15 જુલાઈ, 2015 ના રોજ સમગ્ર વિશ્વમાં કરવામાં આવી હતી અને તેનો મુખ્ય ઉદ્દેશ ટેકનોલોજી, વ્યવસાયિક શિક્ષણની તાલીમ અને અર્થવ્યવસ્થા માટે અન્ય કૌશલ્ય વિકાસના મહત્વ અંગે જાગૃતતા લાવવાનો છે.

→ 15 જુલાઈ, 2015 ના રોજ સ્કિલ ઈન્ડિયા મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

→ વર્ષ 2022ની થીમ : Learning and skills for life, work and sustainable development

## ❖ 17 જુલાઈ : વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (World Day for International Justice)

→ 17 જુલાઈ 1998 ના રોજ 139 દેશોએ આંતરરાષ્ટ્રીય ન્યાયાલય (International Criminal Court) સ્થાપવા માટે રોમ (ઈટલી) ખાતે હસ્તાક્ષર કર્યા હતા. આ દિવસની યાદમાં વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**<u>International Criminal Court વિશે...</u>**

→ સ્થાપના : 1 જુલાઈ, 2002

→ સંધિ : રોમ સ્ટેચ્યૂ (17 જુલાઈ, 1998)

→ વડુમથક : હેગ, નેધરલેન્ડ

## ❖ 18 જુલાઈ : નેલ્સન મંડેલા દિવસ




→ સાઉથ આફ્રિકાના મહાન સ્વાતંત્ર્ય સંગ્રામિક અને વિશ્વ શાંતિના પ્રચારક નેલ્સન મંડેલાના જન્મદિન 18 જુલાઈ નિમિત્તે દર વર્ષે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નેલ્સન મંડેલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

→ સૌપ્રથમ ઉજવણી વર્ષ 2010માં કરાઈ હતી.

→ તેમની આત્મકથા : લોન્ગ વૉક ટુ ફ્રીડમ

→ તેઓ 'દક્ષિણ આફ્રિકાના ગાંધી' તરીકે ઓળખાય છે.

→ તેઓ વર્ષ 1994 થી 1999 સુધી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા.

→ અવસાન : 5 ડિસેમ્બર, 2013 જોહનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા)

## ❖ 20 જુલાઈ : સાયન્સ એક્સપ્લોરેશન ડે (ચંદ્ર દિવસ)

→ દર વર્ષે 20 જુલાઈના રોજ Science Exploration Day (જેને મુન ડે પણ કહેવામાં આવે છે)ની ઉજવણી કરવામાં આવે છે.

→ આ દિવસે વર્ષ 1969માં નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન ચંદ્રની સપાટી પર ઉતરનાર પ્રથમ વ્યક્તિ હતા.

→ તેમની આ ઉપલબ્ધિને યાદ કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સના તત્કાલીન રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગન દ્વારા 1984માં આ દિવસે રજા જાહેર કરવામાં આવી.

### ❖ 20 જુલાઈ : આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ




→ દર વર્ષે આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશન દ્વારા 20 જુલાઈના રોજ આંતરરાષ્ટ્રીય ચેસ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

→ 20 જુલાઈ, 1966ના રોજ પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## શબ્દાવલી

### ❖ એર્ગોસ હાઈ (Azores High)

→ તાજેતરમાં એક અભ્યાસમાં જાણવા મળ્યુ કે અત્યંત વિશાળ એર્ગોસ હાઈ (ઉષ્ણકટિબંધીય હવામાનની ઘટના) ના પરિણામે સમગ્ર પશ્ચિમ ભૂમધ્ય સમુદ્રમાં અસાધારણ રીતે શુષ્ક પરિસ્થિતિ સર્જાઈ છે જેમા મુખ્યત્વે સ્પેન અને પોર્ટુગલ દ્વારા કબજો કરાયેલ ઈબેરીયન દ્વીપકલ્પ (Iberian Peninsula) નો સમાવેશ થાય છે.

→ નેચર જીઓસાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા રેકોર્ડ અનુસાર 20મી સદીના ઉત્તરાર્ધ દરમિયાન ઈબેરિયન દ્વીપકલ્પમાં દર દાયકામાં દર વર્ષે 5 થી 10 મિલિમીટરની વાર્ષિક સૂકવણી નોંધવામાં આવી છે, જે 21મી સદીના અંત સુધીમાં શિયાળના વરસાદમાં વધુ 10 થી 20 ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે.

→ આ અંદાજિત ફેરફારો ઈબેરિયન પ્રદેશની કૃષિને યુરોપમાં સૌથી વધુ સંવેદનશીલ બનાવે છે જેથી દક્ષિણ સ્પેનમાં ઓલિવ (જેતૂન) ઉગાડતા પ્રદેશોમાં 2100 સુધીમાં 30% ઉત્પાદનમાં ઘટાડો થશે.

→ સમગ્ર ઈબેરિયન દ્વીપકલ્પમાં દ્રાક્ષ ઉગાડતા પ્રદેશોમાં ખેતીનો વિસ્તાર વર્ષ 2050 સુધીમાં પાણીની ગંભીર ઉણપને કારણે 25 થી 99 ટકા સંકોચાઈ જશે.

→ એઝોર્સ હાઈ એ ઉપઉષ્ણકટિબંધીય ઉચ્ચ દબાણ પ્રણાલી છે જે શિયાળા દરમિયાન પૂર્વીય ઉષ્ણકટિબંધીય ઉત્તર એટલાન્ટિક અને પશ્ચિમ યુરોપમાં વિસ્તરે છે.

→ એઝોર્સ હાઈ ઉષ્ણકટિબંધીય ઉત્તર એટલાન્ટિકમાં એન્ટિસાયકલોનિક (ચક્રવાત વિરોધી) પવનો સાથે સંકળાયેલ છે જે ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાંથી ઉતરતી સૂકી હવા દ્વારા રચાય છે.

Banking Academy

Current Affairs Booster

1. **તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 'સાયન્ટિફિક એક્સ્પો'નું આયોજન થયું હતું ?**
(A) પાટણ (B) દાહોદ (C) મહેસાણા (D) આપેલ પૈકી કોઈ નહીં

2. **મિશન વાત્સલ્યની નવી માર્ગદર્શિકા વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(i) નવી માર્ગદર્શિકા મુજબ રાજ્યોને કેન્દ્ર સરકાર દ્વારા મિશન વાત્સલ્ય હેઠળ ભંડોળ અને લાભો મેળવવા માટે આ યોજનાનું નામ જાળવી રાખવું પડશે.**
**(ii) માર્ગદર્શિકા અનુસાર મિશન વાત્સલ્ય ભંડોળમાં 8 પૂર્વોત્તર રાજ્યો તેમજ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ કાશ્મીર (કેન્દ્રશાસિત પ્રદેશ) માટે કેન્દ્ર અને રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશનો હિસ્સો 90 : 10 ગણાશે.**
**(iii) વિધાનસભા વિનાના કેન્દ્રશાસિત પ્રદેશોનો 50% ખર્ચ (મિશન વાત્સલ્ય હેઠળ મળતો ભંડોળ)ને કેન્દ્ર સરકાર આવરી લેશે.**
**(iv) નવી માર્ગદર્શિકા મુજબ મિશન વાત્સલ્યના અમલીકરણમાં દેખરેખ, સમીક્ષા અને સંકલનને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરે સમિતિ હશે.**
(A) (i), (ii) અને (iii) (B) (ii), (iii) અને (iv) (C) (i) અને (ii) (D) (ii) અને (iv)

3. **તાજેતરમાં વિમ્બલ્ડન 2022નું ટાઈટલ કોને જીત્યું ?**
(A) રોજર ફેડરર (B) નોવાક જોકોવિચ (C) જોન મેકનરો (D) રાફેલ નડાલ

4. **દેશનું સૌપ્રથમ 'પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફે' કયાં શરૂ કરવામાં આવ્યું ?**
(A) અમદાવાદ (B) ભોપાલ (C) જુનાગઢ (D) વાસંદા

5. **તાજેતરમાં ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?**
(A) અમિતાભ ચૌધરી (B) મુકેશકુમાર જૈન (C) ટિમ કુક (D) અલ્વારો લારિયો

6. **તાજેતરમાં ભારતીય ઈન્ટરનેટના પિતા તરીકે ઓળખાતા ____________નું નિધન થયું છે.**
(A) બી.કે.સિંઘલ (B) અજીત ભૂષણ (C) ચંદ્રશેખર (D) આર.કે.શર્મા

7. **દેશની પ્રથમ 'માનવ લાઈબ્રેરી' કયાં શરૂ કરવામાં આવી હતી ?**
(A) સુરત (B) જયપુર (C) લખનઉ (D) જુનાગઢ

8. **તાજેતરમાં નાયબ ચૂંટણી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?**
(A) સુદેશ મિશ્રા (B) કૃષ્ણ શર્મા (C) આર.કે.ગુપ્તા (D) ચેતન શર્મા

9. **તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા NFSA (નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ) સ્ટેટ રેન્કિંગ 2022 બહાર પાડવામાં આવ્યો છે ?**
(A) ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલય (B) નાણાં મંત્રાલય
(C) ડેરી અને ઉદ્યોગ મંત્રાલય (D) આપેલ પૈકી કોઈ નહીં

10. **NFSA 2022 સ્ટેટ રેન્કિંગમાં ગુજરાત કયા ક્રમે છે ?**
(A) બીજા (B) ચોથા (C) પાંચમાં (D) આઠમાં

11. **'યુથ ઈન ઈન્ડિયા (Youth in India) 2022' રિપોર્ટ અનુસાર કેરળ સાથે કયા બે રાજ્યોના વર્ષ 2036 સુધીમાં વૃદ્ધોની સંખ્યામાં વધારો થશે ?**
(A) ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર (B) બિહાર અને કેરળ (C) હિમાચલ પ્રદેશ અને તમિલનાડુ (D) રાજસ્થાન અને મધ્યપ્રદેશ

12. **પ્રધાનમંત્રીએ તાજેતરમાં કયા જિલ્લામાં ગુજરાત રાજ્યની પ્રથમ 'ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય'નો શિલાન્યાસ કર્યો ?**
(A) ગાંધીનગર (B) વડોદરા (C) અમદાવાદ (D) સુરત

13. **પ્રધાનમંત્રીએ 'ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય' નો શિલાન્યાસ કયાં કર્યો ?**
(A) કુંઢેલા (B) દેવ ધોલેરા (C) હજીરા (D) પંચમહાલ

14. **પ્રધાનમંત્રીએ તાજેતરમાં કઈ જગ્યાએ 'ભારતીય ગતિશકિત વિશ્વ વિદ્યાલય'નો શિલાન્યાસ કર્યો ?**
(A) વડોદરા (B) સાણંદ (C) ગાંધીનગર (D) સુરત

15. **ગુજરાતના કયા શહેરમાં મુખ્યમંત્રીએ ભિક્ષુક બાળકો માટે 'સિગ્નલ સ્કૂલ પ્રોજેકટ'ની શરૂઆત કરી ?**
(A) સુરત (B) અમદાવાદ (C) રાજકોટ (D) વડોદરા

**16. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે નીચેના પૈકી કઈ રેલ પરિયોજનાને મંજૂરી આપી ?**
(A) તારંગા – અજીતનાથ – આબુ (B) અંબાજી – આબુ – જયપુર
(C) <u>તારંગા હિલ – અંબાજી – આબુ</u> (D) આપેલ તમામ

**17. તાજેતરમાં કેન્દ્ર સરકારના ખાણ મંત્રાલયના 'રાષ્ટ્રીય ખનીજ વિકાસ પુરસ્કાર' વિશે નીચે આપેલ વિધાનો પૈકી કયા વિધાનો યોગ્ય છે ?**
**(i) આ પુરસ્કારની કેટેગરી–3 હેઠળ સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું.**
**(ii) આ પુરસ્કાર 3 અલગ–અલગ કેટેગરી છે.**
**(iii) જેમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનારને 3 કરોડ રૂપિયા આપવામાં આવે છે.**
(A) <u>(i), (ii), (iii)</u> (B) (i), (iii) (C) (ii), (iii) (D) માત્ર (i)

**18. ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેકસ કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે ?**
(A) WHO (B) <u>WEF</u> (C) WTO (D) IMF

**19. કેન્દ્ર સરકારે ગુજરાતની કઈ યુનિવર્સિટીને ડ્રોન પાઈલટની તાલીમ માટેની મંજૂરી આપી ?**
(A) ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી (B) <u>કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી</u>
(C) ગુજરાત યુનિવર્સિટી (D) ગુજરાત ડ્રોન પાઈલટ યુનિવર્સિટી

**20. કેન્દ્રીય મત્સ્યપાલન અને ડેરી મંત્રાલય દ્વારા ગુજરાતની કઈ યુનિવર્સિટીને 'રાષ્ટ્રીય ભારત પશુ સ્વાસ્થ્ય – 2022' નો એવોર્ડ મળ્યો ?**
(A) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી (B) નવસારી કૃષિ યુનિવર્સિટી (C) <u>કામધેનુ યુનિવર્સિટી</u> (D) આપેલ પૈકી કોઈ નહીં

**21. તાજેતરમાં ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સમાં ભારત કયા ક્રમે છે ?**
(A) 146 (B) 145 (C) 140 (D) <u>135</u>

**22. ગુજરાત રાજ્યની 'કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી' કયા શહેરમાં સ્થિત છે ?**
(A) <u>અમદાવાદ</u> (B) ગાંધીનગર (C) વડોદરા (D) રાજકોટ

**23. ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેકસમાં ભારતનો સ્કોર વર્ષ 2022માં કેટલા છે ?**
(A) 0.650 (B) 0.635 (C) <u>0.629</u> (D) 0.680

**24. ગુજરાતના કયા સ્થળે ડ્રોન પાઈલટની તાલીમ આપવામાં આવશે ?**
(A) <u>ભોથણ રાઠોડ ગામ – કલોલ</u> (B) રૂપાલ ગામ – ગાંધીનગર
(C) ગરબાડા – દાહોદ (D) વાઘોડીયા – વડોદરા

**25. તાજેતરમાં ભારતના પ્રથમ 'રાષ્ટ્રીય પશુ સ્વાસ્થ્ય શિખર સંમેલન'નું આયોજન કયાં થયું ?**
(A) મહાત્મા મંદિર – ગાંધીનગર (B) <u>નવી દિલ્હી</u>
(C) ભોપાલ (D) ગુરુગ્રામ

**26. ગ્લોબર જેન્ડર ગેપ ઈન્ડેક્સ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(1) આ ઈન્ડેક્સમાં ભારતના પડોશી દેશોમાં બાંગ્લાદેશ પ્રથમ ક્રમાંકે છે જે એકંદરે 146 દેશોમાંથી 71માં ક્રમે છે.**
**(2) આ ઈન્ડેક્સમાં અફઘાનિસ્તાન 110માં ક્રમે છે.**
**(3) આ ઈન્ડેક્સ મુજબ કોઈપણ દેશે સંપૂર્ણ લિંગ સમાનતા હાસલ કરી નથી. જે એકદરે 80% થી વધુ છે.**
**(4) આ રિપોર્ટ મુજબ દેશોએ 80% થી વધુ લિંગ સમાનતા હાસલ કરી છે.**
(A) ફક્ત 2 અને 4 (B) 2, 3 અને 4 (C) <u>1 અને 3</u> (D) ફક્ત 4

**27. તાજેતરમાં નવી દિલ્હી ખાતે આયોજિત ભારતના પ્રથમ 'રાષ્ટ્રીય પશુ સ્વાસ્થ્ય શિખર સંમેલન'માં 'એનિમલ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ રાજ્યનો પુરસ્કાર કયાં રાજ્યને મળ્યો ?**
(A) આંધ્રપ્રદેશ (B) રાજસ્થાન (C) પંજાબ (D) <u>ગુજરાત</u>

**28. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2022માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ જણાવો.**
(A) <u>નોવાક જોકોવિચ</u> (B) નિક કિર્ગિયોસ (C) રાફેલ નડાલ (D) રોજર ફેડરર

**29. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ UNICEFના રિપોર્ટ અનુસાર હાલમાં બાળકોનું રસીકરણ કેટલા ટકા થયું છે?**
(A) 81% (B) 55% (C) 66% (D) 75%

Banking Academy

**30. તાજેતરમાં વર્ચ્યુઅલ રીતે યોજાયેલ સમિટમાં I2U2 (Israel, India, UAE & USA) પ્રાયોસાના ભાગરૂપે ભારતમાં સંકલિત ફંડ પાર્ક શ્રેણી વિકસાવવા માટે કેટલા બિલિયન ડોલરની જાહેરાત કરવામાં આવી છે ?**
(A) USD 5 બિલિયન (B) USD 2 બિલિયન (C) USD 4 બિલિયન (D) USD 3 બિલિયન

**31. મિશન શકિત યોજનાની કેટલી પેટા યોજના છે ?**
(A) 2 (B) 4 (C) 3 (D) 1

**32. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2022માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ જણાવો.**
(A) ઓન્સ જબેઉર (B) એલિના રિબાકિના (C) સેરેના વિલિયમ્સ (D) અશલે બાર્ટી

**33. UNICEFના રિપોર્ટ મુજબ પૂર્વ એશિયા અને પેસિફિક ક્ષેત્રે DTP રસીના કવરેજના માત્ર 2 વર્ષમાં કેટલા ટકા ઘટાડો થયો છે?**
(A) 9.8% (B) 20% (C) 9% (D) 8.5%

**34. તાજેતરમાં મિશન શકિત માટે વિગતવાર માર્ગદર્શિકા કયા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવી છે ?**
(A) નાણા મંત્રાલય (B) ગ્રાહક બાબતોનું મંત્રાલય
(C) ગૃહ મંત્રાલય (D) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

**35. નીચેના વિધાનો ચકાસો અને સાચો વિકલ્પ પસંદ કરો.**
**(i) વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.**
**(ii) ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.**
**(iii) યુ.એસ. ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ છે.**
(A) માત્ર (i) (B) માત્ર (i) અને (ii) (C) માત્ર (ii) અને (iii) (D) (i), (ii), (iii)

**36. UNICEFના રિપોર્ટ મુજબ વર્ષ 2020માં કેટલા લાખ બાળકોને DTP (ડિપ્થેરિયા, ટિટાનસ અને પેર્ટ્યુસિસ) રસીનો પ્રથમ ડોઝ મળ્યો નથી ?**
(A) 50 લાખ (B) 40 લાખ (C) 20 લાખ (D) 30 લાખ

**37. I2U2 ગ્રુપે તેના સમિટમાં ગુજરાતમાં કેટલા મેગાવોટ (MW) પવન તથા સૌર ક્ષમતા ધરાવતા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટને સમર્થન આપવા માટે જાહેરાત કરી છે ?**
(A) 400 MW (B) 500 MW (C) 300 MW (D) 200 MW

**38. POP પ્લેટફોર્મ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(i) POP પોર્ટલ ખેડૂતોને તેમના રાજ્યની સરહદોની બહાર ઉત્પાદન વેચવા માટે સુવિધા આપશે.**
**(ii) વિવિધ પ્લેટફોર્મ પરથી આ પોર્ટલમાં 50 સેવા પ્રદાતાઓને આવરી લેવામાં આવ્યું છે.**
**(iii) POP એ ખેડૂતો માટે એક ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવશે.**
(A) ફક્ત (ii) (B) (i) અને (ii) (C) (ii) અને (iii) (D) (i) અને (iii)

**39. દર વર્ષે ભારત સરકાર તેના યુનિવર્સલ વેકસીન પ્રોગ્રામ અંતર્ગત કેટલા સગર્ભા સ્ત્રીઓ અને બાળકોને રસી આપે છે ?**
(A) 30 મિલિયનથી વધુ, 27 મિલિયન (B) 3 મિલિયનથી વધુ, 2.7 મિલિયન
(C) 40 મિલિયન, 20 મિલિયન (D) 50 મિલિયન, 6 મિલિયન

**40. તાજેતરમાં લોન્ચ કરાયેલ Platform of Platform (POP) પોર્ટલ અંતર્ગત કેટલા FPO (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન) માટે રૂા. 37 કરોડ થી વધુ ઈકિવટી ગ્રાન્ટ બહાર પાડવામાં આવી છે ?**
(A) 1020 (B) 1000 (C) 1018 (D) 1080

**41. ગુજરાત સરકારે ગુજરાતના વરિષ્ઠ નાગરિકો ગુજરાતના વિવિધ યાત્રાધામોની મુલાકાત લઈ શકે તે માટે કઈ યોજના શરૂ કરી છે ?**
(A) શ્રવણ તીર્થ દર્શન યોજના (B) સંત તીર્થ દર્શન યોજના (C) મુસાફર તીર્થ યાત્રી યોજના (D) આપેલ પૈકી કોઈ નહીં

**42. કેન્દ્ર સરકારે નીચેના પૈકી કયા સ્થળોએ મેડિકલ કોલેજો સ્થાપવાની મંજૂરી આપી છે ?**
(A) ગોધરા, બોટાદ, દ્વારકા, મોરબી, રાજપીપળા (B) ગોધરા, દાહોદ, દ્વારકા, જામનગર, નવસારી
(C) સુરત, મોરબી, રાજપીપળા, સોમનાથ, આહવા (D) જામનગર, પોરબંદર, ડીસા, આહવા, સુરેન્દ્રનગર

**43. ભારતમાં સૌપ્રથમ વાર કયા રાજ્યના વ્યકિતમાં EMM બ્લડગ્રુપ સેમ્પલ મળ્યું હતું ?**
(A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) રાજસ્થાન (D) ગુજરાત

**44. તાજેતરમાં ગુજરાત સરકારે 'શ્રવણ તીર્થ યોજના'માં ફેરફારો કર્યા હતા. જેના વિશે નીચે આપેલ વિધાન પૈકી કયા વિધાન યોગ્ય છે ?**

**(i) આ યોજના મુજબ એસ.ટી. સુપર બસ, નોન એ.સી. ઉપરાંત એસ.ટી. મિનિ બસ, નોન એ.સી. અથવા ખાનગી બસ જેનું ભાડું ઓછું હોય તેના 75% સુધીની રકમ રાજ્ય સરકાર ચૂકવશે.**

**(ii) આ યોજનાનો લાભ ગુજરાતના તેમજ અન્ય રાજ્યના વરિષ્ઠ નાગરિકો જેમની ઉંમર 60 વર્ષથી વધુ છે તેઓ લાભ લઈ શકે છે.**

**(iii) આ યોજનાની શરૂઆત વર્ષ 2015માં થઈ હતી.**

(A) માત્ર (i) (B) (i), (ii), (iii) (C) (ii), (iii) (D) માત્ર (iii)

**45. ગુજરાતના કેટલાક જિલ્લાઓના પશુઓમાં તાજેતરમાં કયો વાઈરસ જોવા મળ્યો ?**

(A) COVID-22 (B) મંકી પોક્સ (C) કાઉ પોક્સ (D) લમ્પી સ્કિન ડિસીઝ

**46. ગુજરાતના વરિષ્ઠ નાગરિકો ગુજરાતના વિવિધ યાત્રાધામોની મુલાકાત લઈ શકે તે માટે ગુજરાત સરકારે 'શ્રવણ તીર્થ દર્શન યોજના' અમલી બનાવી છે, આ યોજના માટેની અમલીકરણ સંસ્થા કઈ છે ?**

(A) પર્યટન વિભાગ (B) નાણાં વિભાગ
(C) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (D) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**47. તાજેતરમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પશુઓમાં 'લમ્પી સ્કિન ડિસીઝ' નામનો રોગ જોવા મળ્યો હતો. આ રોગ શાનાથી ફેલાય છે ?**

(A) વાઈરસ (B) બેક્ટેરિયા (C) ફુગ (D) આપેલ તમામ

**48. ગુજરાતના મુખ્યમંત્રીએ કોવિડ રસીના બુસ્ટર ડોઝ વિનામૂલ્યે આપવા રાજ્યવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કયાંથી કરાવ્યો ?**

(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સુરત (D) રાજકોટ

**49. તાજેતરમાં UNICEF દ્વારા જાહેર કરાયેલ રસીકરણના ઈમ્યુનાઈઝેશન કવરેજમાં ઘટાડાને દર્શાવતા રિપોર્ટ વિશે નીચેનામાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

**(i) આ રિપોર્ટ મુજબ વર્ષ 2021માં એક પણ DTP રસીનો ડોઝ ન મેળવનાર 25 મિલિયન બાળકોમાંથી 15 મિલિયન બાળકો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોના છે.**

**(ii) UNICEFના રિપોર્ટ મુજબ ઓરી (ગાલપચોળિયા)ની રસીના પ્રથમ ડોઝનો કવરેજ ઘટીને વર્ષ 2021માં 61% થયો છે.**

**(iii) આ રિપોર્ટ અનુસાર યુગાન્ડા અને પાકિસ્તાને રસીકરણ કાર્યક્રમોનો નિયમિત કવરેજનું ઉચ્ચ સ્તરને જાળવી રાખ્યું છે.**

(A) (i) અને (ii) (B) (ii) અને (iii) (C) (i) અને (iii) (D) ફક્ત (iii)

Banking Academy

## Facts....Inshort

1. તાજેતરમાં ભારતીય સેના અને સંરક્ષણ ખાતા વિભાગ વચ્ચે ચોથ સિનર્જી કોન્ફરન્સ કયાં યોજાઈ ? – **નવી દિલ્હી**
2. તાજેતરમાં કયા રાજ્યના મંદિર નજીક વાદળ ફાટવાથી લોકોએ જીવ ગુમાવ્યા ? – **અમરનાથ મંદિર (જમ્મુ અને કાશ્મીર)**
3. તાજેતરમાં SBI જનરલ ઈન્શ્યોરન્સના નવા મેનેજિંગ ડિરેકટર અને CEO તરીકે કોની નિમણૂંક કરવામાં આવી ? – **પારિતોષ ત્રિપાઠી**
4. તાજેતરમાં કયા બે રાજ્યો નવા પારસ્પરિક પરિવહન કરાર (2022) માટે સંમત થયા છે ? – **સિક્કિમ અને બંગાળ**
5. તાજેતરમાં કયા મંત્રી દ્વારા અને કયા ઝોન કાઉન્સિલ (WZC)ની 30મી બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી ? – **ગૃહમંત્રાલયના મંત્રી અમિતશાહ, ઉત્તરી ઝોનલ કાઉન્સીલ (જયપુર)**
6. તાજેતરમાં કયા રાજ્યે ભારતનું પ્રથમ આરોગ્ય અધિકાર બિલ (India's First Right to Health Bill) રજૂ કર્યું ? – **રાજસ્થાન**
7. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહે સ્વામી રામાનુજાચાર્યાની ‘સ્ટેચ્યુ ઓફ પીસ’નું કયાં અનાવરણ કર્યું ? – **શ્રીનગર**
8. તાજેતરમાં કયા રાજ્યમાં ખરચી ઉત્સવની શરૂઆત કરવામાં આવી ? – **ત્રિપુરા**
9. તાજેતરમાં કયું રાજ્ય 13 એકસપ્રેસ–વે બનાવનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું ? – **ઉત્તર પ્રદેશ**
10. તાજેતરમાં ગોવા શિપયાર્ડના નવા ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ? – **બૃજેશ કુમાર**
11. તાજેતરમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેકટર તરીકે કોને કાર્યભાર સંભાળ્યો ? – **રાજેન્દ્ર પ્રસાદ**
12. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મક બિડિંગ (બોલી) માટે 10 બ્લોક ઓફર કરતા ઓપન એડરેજ લાઈસન્સિંગ પ્રોગ્રામનું બિડ રાઉન્ડ 8 નો પ્રારંભ કરવામાં આવ્યું ? – **પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય**
13. નેશનલ ઈન્ટરનેટ એકસચેન્જ ઓફ ઈન્ડિયા દ્વારા 2 નવા ઈન્ટરનેટ એકસચેન્જ પોઈન્ટ (IXP)ની સ્થાપના કયાં કરવામાં આવી ? – **પશ્ચિમ બંગાળ**
14. તાજેતરમાં US દ્વારા POP-FAME નામનું બળતણ શેનામાંથી વિકસાવવામાં આવ્યું છે ? – **બેકટેરિયા**
15. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ડ્રેગન ફ્રુટના વિકાસને પ્રોત્સાહન આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. આ ફળ કયા નામે ઓળખાય છે ? – **સુપર ફ્રુટ**
16. ગુજરાતમાં સૌપ્રથમવાર કઈ જગ્યાએ વોટર સ્પોર્ટ્સ યોજાશે ? – **સાબરમતી રિવરફ્રન્ટ**
17. તાજેતરમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા કર્ણાટકના કાલબુર્ગી જિલ્લામા કાનાગનાહલ્લી નજીક કઈ નદીના કિનારે પ્રાચીન બૌદ્ધ સ્થળનું સંરક્ષણ કરશે ? – **ભીમા નદી**
18. ટાઈમ મેગેઝિન દ્વારા વિશ્વના 50 મહાન સ્થળોમાં ગુજરાતના કયા સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – **વર્લ્ડ હેરીટેજ સિટી–અમદાવાદ**
19. તાજેતરમાં WHO મુજબ કયાં મારબર્ગ વાયરસ (ઈબોલા જેવા) નો કેસ નોંધાયો છે ? – **ઘાના (પશ્ચિમ આફ્રિકા)**
20. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જૂટ ઉત્પાદનો માટે કયો લોગો લોન્ચ કરવામાં આવ્યો છે ? – **જૂટ માર્ક ઈન્ડિયા લોગો**
21. તાજેતરમાં કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા ‘SAHBHAGITA’ યોજના લોન્ચ કરવામાં આવી છે ? – **દિલ્હી**
22. ગોવિંદ ગુરુ યુનિવર્સિટી કયાં સ્થાપવામાં આવેલી છે ? – **ગોધરા**
23. બિરસા મુંડા યુનિવર્સિટી કયાં સ્થાપવામાં આવેલી છે ? – **રાજપીપળા–નર્મદા**
24. દેશના પ્રથમ ડિસેલિનેશન પ્લાન્ટનું લોકાપર્ણ કયાં કરવામાં આવ્યું ? – **દહેજ–ભરૂચ**
25. ભારતનો પ્રથમ ‘સ્ટીલ સ્લેગ’ રોડ કયાં બનાવવામાં આવ્યો ? – **હજીરા–સુરત**
26. કલાઈમેટ ચેન્જની સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત દેશમાં કયા ક્રમે રહ્યું ? – **પ્રથમ**
27. દેશની પ્રથમ એર એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ સૌપ્રથમ કઈ રાજ્ય સરકારે કર્યો ? – **ગુજરાત**
28. ભારતની સૌથી મોટી EV ઈનોવેશન ચેલેન્જ ‘Evangelise’22 નું લોન્ચિંગ કયાં કરવામાં આવ્યું ? – **અમદાવાદ**
29. તાજેતરમાં ભારત દ્વારા બેલારુસની કેટલામી સ્વતંત્રતા વર્ષની ઉજવણી કરવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે ? – **78 વર્ષ**

Banking Academy

30. તાજેતરમાં કયા રાજ્યમાં કાલા અઝર (કાળા તાવ)ના કેસ નોંધાયા છે ? – **પશ્ચિમ બંગાળ**

31. તાજેતરમાં ભારત રંગ મહોત્સવ 2022 16મી જુલાઈ થી 14મી ઓગસ્ટ સુધી કયાં યોજાવાનો છે ? – **નવી દિલ્હી**

32. તાજેતરમાં કયા INS જહાજને ભારતીય નૌકાદળમાંથી 35 વર્ષ સુધી સેવા પૂરી પાડયા બાદ નિવૃત્ત કરવામાં આવ્યું છે ? – **INS સિન્ધુ ધ્વજ**

33. તાજેતરમાં (Khadi & Village Industry Commission) KVIC ના CEO પ્રીત વર્મા દ્વારા ખાદી માટે કયા પોર્ટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – **ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ આયોગ (KVIC) જ્ઞાન પોર્ટલ**

34. 15 જુલાઈ, 2022 ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો કેટલામો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો ? – **61 મો**

35. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ જિલ્લામાં પૂરની પરિસ્થિતિ વિશેની સમીક્ષા જિલ્લાના કલેકટરો સાથે કરી હતી, તે માધ્યમનું નામ જણાવો. – **સી.એમ.ડેશબોર્ડ**

36. નવસારી જિલ્લામાં આવેલ પૂરની પરિસ્થિતિ બાદ સાફ–સફાઈ, દવા–છંટકાવ રસ્તા રિપેર માટે કયું ઓપરેશન ચલાવવામાં આવ્યું ? – **ઓપરેશન નિરામય**

Banking Academy

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

### તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

## GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

## GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




### Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
| --- | --- | --- |
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

### Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
**Ph. 70464 16555**

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
**Ph. 70466 41555**

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
**Ph. 90998 64658**